MANOGAT • Year-39 • Issue-15 • 10 November 2020 • Aaso Vad 10, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત


## તમામ ધર્મોએ આતંકવાદ વિરુદ્ધ સૌથી વધુ સંગઠિત થવાની તાતી જરૂર














Year 39 • Issue 15 • Pages 28

**તંત્રીસ્થાનેથી**

## સ્વ. કેશુભાઈ પટેલ એટલે ભાજપના સુશાસનનો સૂર્યોદય

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

શ્રદ્ધેય કેશુભાઈ પટેલે પાર્થિવ દેહ છોડી મૃત્યુલોકમાંથી વિદાય લીધી. શ્રદ્ધાંજલિનાં પુષ્પો અર્પતાં અર્પતાં સ્વ. કેશુભાઈની કેટલીક બાબતોને પ્રેરણા લેવાના સદ્‌વિચાર સાથે મમળાવું છું.

મારી દૃષ્ટિએ સ્વ. કેશુભાઈ ગુજરાતના તત્કાલીન સમાજજીવનના અસામાજિક તત્ત્વો સામેનો સશક્ત, સજ્જન અને ન્યાયનો અવાજ હતા. કેશુભાઈએ સમગ્ર ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સારા લોકોમાં અસામાજિક લોકોની સામે ભયમુક્ત બની સારી રીતે સન્માનપૂર્વક જીવન જીવી શકાય તેવા આત્મવિશ્વાસનું સિંચન કર્યું હતું. પ્રત્યેક નાગરિકમાં એવો ભરોસા પેદા કર્યો કે જેના કારણે સમાજજીવનમાં સલામતી, સુરક્ષા અને સ્વમાનની ચેતના પ્રગટી હતી.

સ્વ. કેશુભાઈના વ્યક્તિગત તમામ ગુણોના સરવાળાના પરિણામસ્વરૂપ ઊભરેલું તેઓનું સજ્જન, સરળ, સૌના અને સુશસાનના સંવાહક તરીકેના વ્યક્તિત્વએ સમગ્ર ગુજરાતમાં ભાજપના વિચારને ઘર-ઘર સુધી પહોંચાડવામાં ભગીરથ કાર્ય કર્યું અને પરિણામસ્વરૂપ ગુજરાતના રાજકીય ઇતિહાસમાં ૧૯૯૫માં પ્રથમવાર અને ૧૯૯૮માં બીજી વખત ભાજપ પૂર્ણ બહુમતી સાથે સત્તારૂઢ થઇ શક્યું હતું. ગુજરાતના ભાજપના પ્રથમ મુખ્યમંત્રીનું ગૌરવ અને શ્રેય પણ સ્વ. કેશુભાઈ પટેલના શિરે જ રહ્યું છે.

સ્વ. કેશુભાઈ સુશાસન અને વિકાસના પક્ષધર હતા. તેઓ વિકાસકાર્ય કરવું કે ન કરવાના નિર્ણાયક તબક્કે ઊભી થયેલી મુશ્કેલી કે પ્રશ્નો વખતે સહજ રીતે બોલી ઊઠતા કે - 'સારું છે તો કરો જ. રસ્તાઓ નીકળતા જશે જ.' તેમનામાં સુશાસન અને વિકાસ માટેની કોઠાસૂઝ અદ્‌ભુત હતી. ગોકુળગ્રામ યોજના, ઓક્ટ્રોય (જકાત) નાબૂદી કે ખેડૂતો માટેનો ૮ કિ.મી.ની મર્યાદા દૂર કરવાના નિર્ણયો તેઓના આ ગુણોનું જ પરિણામ છે.

સમયના કોઈ તકાજે મેં સ્વ. કેશુભાઈને 'ભીષ્મ' પણ કહ્યા હતા. ભાજપના 'પિતામહ' જેવા આ વિરાટ વ્યક્તિત્વના હૃદયમાં તો આજીવન રાષ્ટ્રપ્રેમ અને આપણી વિચારધારાનો 'દીપક' જ પ્રગટેલો રહ્યો છે. માટે જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના ગુજરાતના નિયત કાર્યક્રમમાં ફેરફાર કરીને સ્વ. કેશુભાઈના ઘરે શ્રદ્ધાંજલિ આપતા બહુ યથાર્થ શબ્દો કહ્યા કે - 'સ્વ. કેશુભાઈ મારા માટે પિતાતુલ્ય વ્યક્તિત્વ હતા.'

મિત્રો, સ્વ. કેશુભાઈ એ આપણા પરિવારનો 'વડલો' હતા. તેમણે સૌનું સિંચન કર્યું. પૂરતા પ્રેમ સાથે પ્રત્યેકના કૌશલ્યને પ્રગટાવવાનું પ્રેરકબળ બન્યા. માટે જ આપણે સૌ આજે ભીનાશભરી નમ આંખો સાથે હૃદયથી બોલી ઉઠીએ છીએ કે બાપા એટલે બાપા.

ભગવાન સોમનાથ માટેની તેમની શ્રદ્ધા અપાર હતી. સોમનાથ યાત્રાધામના વિકાસ માટે તેમની અધ્યક્ષતામાં થયેલાં અભૂતપૂર્વ કામો તેમના ઈશ્વર સાથેના જોડાણની સાક્ષી પૂરે છે. સોમનાથ દાદા સ્વ. કેશુભાઈના આત્માને સદ્‌ગતિ આપે તેવી પ્રાર્થના.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## ગુજરાતમાં કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં પ્રધાનમંત્રીશ્રી





# પોતાના રાજનીતિક સ્વાર્થ માટે આ લોકો કેટલી હદ સુધી જઈ શકે છે, પુલવામા હુમલા પછી કરવામાં આવેલી રાજનીતિ તેનું ખૂબ મોટું ઉદાહરણ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

**કોરોનાના સમયમાં સેવા પૂરી પાડનારા કોરોના વૉરિયર્સને નામે ભારત માતાની જય**

આપણે સૌએ હાલમાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈની દૂરંદેશીસભર વાણીનો પ્રસાદ સ્વરૂપે લાભ લીધો. મારી વાત કરતાં પહેલાં હું તમારા સૌની પાસે ભારત માતાનો જયઘોષ કરાવીશ અને મારો આપ સૌને આગ્રહ છે, ગણવેશ પહેરેલા જવાનોને પણ મારો આગ્રહ છે, કે દૂર-દૂર પર્વતો પર બેઠેલા મારા આદિવાસી ભાઈઓ અને બહેનોને પણ આગ્રહ છે કે એક હાથ ઊંચો કરીને પૂરી તાકાતથી સરદાર સાહેબનું સ્મરણ કરતાં 'ભારત માતાની જય'નો નારો લગાવીશું. હું ત્રણ વાર નારો લગાવીશ. પોલીસ દળના વીર દીકરા-દીકરીઓના નામે, ભારત માતાની જય, કોરોનાના સમયમાં સેવા પૂરી પાડનારા કોરોના વૉરિયર્સને નામે ભારત માતાની જય, આત્મનિર્ભરતાનો મંત્ર સિદ્ધ કરવામાં લાગેલા કરોડો કરોડો લોકોના નામે ભારત માતાની જય. હું કહીશ કે સરદાર પટેલ, તમે બે વાર બોલશો - અમર રહો, અમર રહો, સરદાર પટેલ, અમર રહો- અમર રહો, સરદાર પટેલ, અમર રહો- અમર રહો. તમામ દેશવાસીઓને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ, દેશનાં સેંકડો રજવાડાંને, રાજા-રજવાડાંને એક કરીને દેશની વિવિધતાને આઝાદ ભારતની શક્તિ બનાવીને, સરદાર પટેલે હિન્દુસ્તાનને વર્તમાન સ્વરૂપ આપ્યું.

**સરદાર સરોવર બંધની સાથે જોડાયેલું આ ભવ્ય નિર્માણ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું, નૂતન ભારતની પ્રગતિનું આ સ્થળ તીર્થસ્થાન બની ગયું છે**

વર્ષ ૨૦૧૪માં આપણે સૌએ તેમના જન્મદિવસને ભારતની એકતાના પર્વ તરીકે મનાવવાની શરૂઆત કરી હતી. આ ૬ વર્ષમાં દેશે ગામડે ગામથી મહાનગરો સુધી, પૂર્વથી પશ્ચિમ સુધી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી, તમામ લોકોએ એક ભારત શ્રેષ્ઠ ભારતનો



સંકલ્પ પૂર્ણ કરવા માટેનો પ્રયાસ કર્યો છે. આજે વધુ એક વાર આ દેશના, મા ભારતીના સપૂતને, દેશના લોખંડી પુરુષને, શ્રદ્ધાસુમન અર્પણ કરી રહ્યો છું. આજે વધુ એક વાર સરદાર પટેલની આ ગગનચુંબી પ્રતિમાના સાંનિધ્યમાં, તેમની છાયામાં દેશની પ્રગતિના મહાયજ્ઞના મારા વચનનું પુનરાવર્તન કરું છું. સાથીઓ, હું કાલે બપોરે કેવડિયા પહોંચી ગયો હતો અને કેવડિયા પહોંચ્યા પછી ગઈ કાલથી શરૂ કરીને અત્યાર સુધી કેવડિયામાં જંગલ સફારી પાર્ક, એકતા મૉલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને આરોગ્ય વન જેવાં અનેક સ્થળોનુ લોકાર્પણ કરવામાં આવ્યું છે. ખૂબ ટૂંકા સમયગાળામાં, સરદાર સરોવર બંધની સાથે જોડાયેલું આ ભવ્ય નિર્માણ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું, નૂતન ભારતની પ્રગતિનું આ સ્થળ તીર્થસ્થાન બની ગયું છે. આવનારા સમયમાં મા નર્મદાના કાંઠે, માત્ર ભારત જ નહીં સમગ્ર દુનિયાના પ્રવાસન નકશા ઉપર આ સ્થળ સ્થાન પામનાર છે, છવાઈ જનાર છે.

આજે સરદાર સરોવરથી સાબરમતી રિવરફ્રન્ટ સુધીની સી-પ્લેન સેવાનો શુભારંભ થવાનો છે. આ દેશની પહેલી અને સ્વયં અનોખી એવી એક વિમાનસેવા છે. સરદાર સાહેબના દર્શન માટે, સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોવા માટે, દેશવાસીઓને હવે સી-પ્લેન સર્વિસનો વિકલ્પ પણ પ્રાપ્ત થવાનો છે. આ તમામ પ્રયાસોથી આ વિસ્તારમાં પ્રવાસન પ્રવૃત્તિનો પણ ઘણો વિકાસ થવાનો છે. તેનાથી અહીંના લોકો, અને ખાસ કરીને મારાં આદિવાસી ભાઈ-બહેનોને પણ રોજગારીની નવી તકો પ્રાપ્ત થવાની છે. આ તકો પ્રાપ્ત કરવા બદલ પણ હું ગુજરાત સરકારને, ગુજરાતના તમામ નાગરિકોને તથા ૧૩૦ કરોડ દેશવાસીઓને અભિનંદન પાઠવું છું.

**મારા દેશનાં ગામડાંની આદિવાસી બહેનોની આ સમર્થતા, તેમની આ ક્ષમતા પ્રભાવિત કરનારી બની રહી હતી**

સાથીઓ, કાલે જ્યારે હું આ વિસ્તારમાં સમગ્ર દિવસ વિતાવી રહ્યો હતો ત્યારે અહીં ગાઈડ તરીકે મને આસપાસનાં ગામડાંની આપણી દીકરીઓ જે આત્મવિશ્વાસ સાથે, જે ઊંડાણની સાથે, તમામ સવાલોની જાણકારી મારફતે ત્વરિત જવાબ આપીને મને ગાઈડ કરી રહી હતી તે જોઈને, તમને હું સાચું કહું તો મારુ મસ્તક ગર્વથી ઊંચું થઈ ગયું હતું. મારા દેશના ગામડાની આદિવાસી બહેનોની આ સમર્થતા, તેમની આ ક્ષમતા પ્રભાવિત કરનારી બની રહી હતી. હું આ તમામ બાળકોને આટલા ઓછા સમયમાં જે નિપુણતા હાંસલ કરી છે અને તેમાં નવતર પ્રકારે નિપુણતાને જોડી છે, પ્રોફેશનાલિઝમનો ઉમેરો કર્યો છે, તેમને તથા આદિવાસી દીકરીઓને પણ હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी'નો જે મંત્ર છે તે આજે ભારતના રાષ્ટ્ર પ્રથમ, ઇન્ડિયા ફર્સ્ટના સંકલ્પનો મજબૂત આધાર છે**

સાથીઓ, એ પણ એક અદ્‌ભુત સંયોગ છે કે આજે મહર્ષિ વાલ્મીકિ જયંતી પણ છે. આજે આપણે ભારતની જે સાંસ્કૃતિક એકતાનાં દર્શન કરીએ છીએ, જે ભારતનો અનુભવ કરી રહ્યા છીએ તેને જીવંત અને ઊર્જાવાન બનાવવાનું કામ સદીઓ પહેલાં મહર્ષિ વાલ્મીકિએ જ કર્યું હતું. ભગવાન રામના આદર્શ, ભગવાન રામના સંસ્કાર જો આજે ભારતના ખૂણેખૂણામાં એકબીજાને જોડી રહ્યા છે તો તેનો ખૂબ મોટો યશ મહર્ષિ વાલ્મીકિને મળે છે. માતૃભૂમિને સૌથી સર્વોચ્ચ માનવાનો મહર્ષિ વાલ્મીકિનો ઉદ્દેશ હતો. 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी'નો જે મંત્ર છે તે આજે ભારતના રાષ્ટ્ર પ્રથમ, ઇન્ડિયા ફર્સ્ટના સંકલ્પનો મજબૂત આધાર છે.

હું તમામ દેશવાસીઓને આજે મહર્ષિ વાલ્મીકિ જયંતી પ્રસંગે પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથીઓ, તમિલ ભાષાના મહાકવિ અને સ્વાતંત્ર્યસેનાની સુબ્રમણ્યમ ભારતીજીએ લખ્યુ છે કે मन्नुम इमयमलै एंगल मलैये, मानिल मीधु इधु पोल पिरिधु इल्लैये, इन्नरु नीर गंगै आरेंगल आरे इंगिथन मान्बिर एधिरेधु वेरे, पन्नरुम उपनिट नूलेन्गल नूले पार मिसै एधोरु नूल इधु पोले, पोननोलिर भारत नाडेंगल नाडे पोट रुवोम इग्तै एमक्किल्लै ईडे। સુબ્રમણ્યમ ભારતીજીની જે કવિતા છે, અને હિન્દીમાં તેનો જે ભાવાર્થ થાય છે તે પણ એટલો જ પ્રેરક છે. તે આ મુજબ છે-

**આપણો આ સ્વર્ણિમ દેશ છે. ગુલામીના કાલખંડમાં પણ આપણાથી જગતમાં કોણ આગળ હતું ?**

"ચમક રહા ઉત્તુંગ હિમાલય, યહ નગરાજ હમારા હી હૈ, જોડ નહીં ધરતી પર જિસકા, વહ નગરાજ હમારા હૈ. નદી અમારી છે ગંગા, જે મધુર ધારાનું વહન કરે છે, વહે છે શું અન્ય કોઈ સ્થળે, આવી પાવન કલ-કલ ધારા ? સન્માનિત જે સકલ વિશ્વ છે, જેનો મહિમા અપાર છે, અમારા તમામ



અમર ગ્રંથ, ઉપનિષદોનો દેશ પણ આ જ છે. આપણે તેના યશનું ગાન કરીશું. આપણો આ સ્વર્ણિમ દેશ છે. ગુલામીના કાલખંડમાં પણ આપણાથી જગતમાં કોણ આગળ હતું ?

ભારત માટેની આ અદ્‌ભુત ભાવનાને આજે આપણે અહીં મા નર્મદાના કિનારે સરદાર સાહેબની ભવ્ય પ્રતિમાની છાયામાં વધુ નજીકથી અનુભવી શકીએ છીએ. ભારતની આ જ તો તાકાત, આપણને દરેક આપત્તિમાં, દરેક આફત સામે લડવાનું શીખવે છે અને જેટલું પણ શીખવે છે, તમે જુઓ, ગયા વર્ષથી જ આપણે જ્યારે એકતા દોડમાં સામેલ થયા હતા ત્યારે કોઈએ કલ્પના પણ કરી નહોતી કે સમગ્ર દુનિયાની માનવજાતિને કોરોના જેવી વૈશ્વિક મહામારીનો સામનો કરવો પડશે. આ આફત અચાનક આવી પડી છે. તેણે સમગ્ર વિશ્વમાં માનવજીવનને અસર કરી છે. આપણી ગતિને અસર કરી છે, પરંતુ આ મહામારીનો સામનો કરીને દેશે ૧૩૦ કરોડ દેશવાસીઓએ જે રીતે સામૂહિક સામ્થ્યર્થને પોતાની મજબૂત ઈચ્છાશક્તિને પુરવાર કરી દીધી છે તે એક અભૂતપૂર્વ બાબત છે. ઈતિહાસમાં તેની બરાબરી કરી શકે તેવી કોઈ ઘટના નથી.

**૧૩૦ કરોડ દેશવાસીઓને પણ પોલીસદળના વીરોની આ સમર્પણભાવના સામે હંમેશાં નત મસ્તક થવાની પ્રેરણા મળતી રહેશે**


કોરોના વોરિયર્સના સન્માનમાં ૧૩૦ કરોડ દેશવાસીઓએ સંગઠિત થઈને કાશ્મીરથી કન્યાકુમારી સુધી, લેહથી લક્ષદ્વીપ સુધી, અટકથી કટક સુધી, કચ્છથી કોહિમા સુધી, ત્રિપુરાથી સોમનાથ સુધી, ૧૩૦ કરોડ દેશવાસીઓએ, સંગઠિત થઈને જે જોશ દેખાડ્યું છે, એકતાનો જે સંદેશ આપ્યો છે તેના કારણે, આઠ મહિના સુધી આપણે આ સંકટની સામે ઝૂઝવાની, લડવાની તથા વિજયપથ ઉપર આગળ ધપવાની તાકાત આપી છે. દેશના લોકોએ જેમના સન્માનમાં દીપક પ્રગટાવ્યા છે, સન્માન વ્યક્ત કર્યું તે આપણા કોરોના વૉરિયર્સ, આપણા પોલીસના અનેક કટિબદ્ધ સાથીઓએ બીજાનું જીવન બચાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપી દીધું, આઝાદી પછી માનવસેવા માટે, સુરક્ષા માટે જીવનું બલિદાન આપવાની આપણા પોલીસદળની વિશેષતા રહી છે. આશરે લગભગ મારા ૩૫ હજાર પોલીસદળના જવાનોએ આઝાદી પછી બલિદાન આપ્યાં છે, પરંતુ આ કોરોના કાલખંડમાં, સેવા બદલ, બલિદાન આપવા બદલ, અનેક લોકોએ પોતાની જિંદગી હોમી દીધી છે. ઈતિહાસ ક્યારેય પણ આ સુવર્ણપળને ભુલાવી શકશે નહી, અને માત્ર પોલીસદળના જવાનોને જ નહીં, ૧૩૦ કરોડ દેશવાસીઓને પણ પોલીસદળના વીરોની આ સમર્પણભાવના સામે હંમેશાં નત મસ્તક થવાની પ્રેરણા મળતી રહેશે.

**આપણા સૌની આ એકતા કોરોનાના આ સંકટ સમયે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સાચી શ્રદ્ધાંજલિ છે**

**સાથીઓ, આ દેશની એકતાની જ એ તાકાત છે કે જે મહામારીમાં દુનિયાના મોટા મોટા દેશ જે સ્થિતિમાં મજબૂર થઈ ગયા હતા, તે સ્થિતિનો ભારતે દૃઢતા સાથે મુકાબલો કર્યો છે.** આજે દેશ કોરોનામાંથી બહાર આવી રહ્યો છે અને સંગઠિત થઈને આગળ પણ વધી રહ્યો છે. આ એવી જ એકતા છે કે જે વલ્લભભાઈએ દર્શાવી હતી. આપણા સૌની આ એકતા કોરોનાના આ સંકટ સમયે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સાચી શ્રદ્ધાંજલિ છે.

**આફતો અને મુશ્કેલીઓની વચ્ચે રહીને દેશે એવાં કેટલાંક કામ કર્યાં છે કે જે ક્યારેક અશક્ય માની લેવામાં આવતાં હતાં. આ મુશ્કેલ સમયમાં કલમ ૩૭૦ દૂર થયા પછી, કાશ્મીરના સમાવેશનું એક વર્ષ પૂરું થયું છે. ૩૧ ઓકટોબરના રોજ એક વર્ષ પહેલાં તે કાર્યરત થયું હતું**

સાથીઓ, આફતો અને મુશ્કેલીઓની વચ્ચે રહીને દેશે એવાં કેટલાંક કામ કર્યાં છે કે જે ક્યારેક અશક્ય માની લેવામાં આવતાં હતાં. આ મુશ્કેલ સમયમાં કલમ ૩૭૦ દૂર થયા પછી, કાશ્મીરના સમાવેશનું એક વર્ષ પૂરું થયું છે. ૩૧ ઓકટોબરના રોજ એક વર્ષ પહેલાં તે કાર્યરત થયું હતું. સરદાર સાહેબ જીવિત હતા ત્યારે બાકીનાં રાજા-રજવાડાંની સાથે આ કામ પણ તેમણે કર્યું હોત તો મારે આટલા વર્ષ પછી આ કામ કરવાની જરૂર ઊભી થઈ ના હોત. પણ સરદાર સાહેબનું આ કામ અધૂરું રહી ગયું હતું. તેમની જ પ્રેરણાથી ૧૩૦ કરોડ દેશવાસીઓનું આ કાર્ય કરવાની મને તક મળી છે. કાશ્મીરના વિકાસમાં જે અવરોધો આવી રહ્યા હતા તેને પાછળ છોડીને આ દેશ વિકાસના નવા માર્ગ ઉપર આગળ વધી રહ્યો છે. ઉત્તર પૂર્વમાં શાંતિ સ્થાપિત કરવાનું કામ હોય કે પછી ઉત્તર પૂર્વના વિકાસ માટે ઉઠાવવામાં આવેલ કદમ - દેશમાં એકતાનાં નવાં ઉદાહરણો સ્થાપિત થઈ રહ્યાં છે. સોમનાથના પુનઃનિર્માણથી સરદાર પટેલે ભારતને



પોતાનું જે ગૌરવ પાછું આપવાનો યજ્ઞ શરૂ કર્યો હતો તેનું વિસ્તરણ દેશે અયોધ્યામાં પણ જોયું છે. આજે દેશ રામમંદિર ઉપર સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો તે નિર્ણયનું સાક્ષી બન્યું છે અને ભવ્ય રામમંદિરનું નિર્માણ થતું પણ જોઈ રહ્યો છે.

**આપણે એક એવા રાષ્ટ્રનું નિર્માણ કરી રહ્યા છીએ કે જે સશક્ત પણ છે અને સક્ષમ પણ છે**

સાથીઓ, આજે આપણે ૧૩૦ કરોડ દેશવાસીઓ સાથે મળીને એક એવા રાષ્ટ્રનું નિર્માણ કરી રહ્યા છીએ કે જે સશક્ત પણ છે અને સક્ષમ પણ છે. તેમાં સમાનતાઓ પણ છે અને સંભાવનાઓ પણ છે. સરદાર સાહેબ પણ કહેતા હતા અને સરદાર સાહેબના એ શબ્દોનો આધાર ખેડૂતો અને શ્રમિકો હતા. હું જ્યારે વિચારું છું કે ખેડૂત અને ગરીબને કમજોર ના રહેવા દઉં, કેવી રીતે તેમને મજબૂત કરું અને મસ્તક ઊંચું રાખીને ચાલતા કરું.

**ભારતની ભૂમિ ઉપર નજર બગાડનારને જડબાંતોડ જવાબ આપવાની તાકાત આપણા વીર જવાનોના હાથમાં છે**

સાથીઓ, ખેડૂત, ગરીબ અને શ્રમિક વગેરે સશક્ત ત્યારે જ થશે કે જ્યારે તે આત્મનિર્ભર બનશે. સરદાર સાહેબનું એ સપનું હતું અને તે કહેતા હતા કે સાથીઓ, ખેડૂત, ગરીબ અને શ્રમિક ત્યારે જ સશક્ત બનશે, જ્યારે તે આત્મનિર્ભર બનશે, ત્યારે જ દેશ આત્મનિર્ભર બનશે. સાથીઓ, આત્મનિર્ભર દેશની આપણી પ્રગતિની સાથે સાથે આપણી સુરક્ષા માટે પણ અસ્વસ્થ રહી શકીએ છીએ અને એટલા માટે જ આજે દેશ સંરક્ષણ ક્ષેત્રે પણ આત્મનિર્ભર બનવા તરફ આગળ ધપી રહ્યો છે. અને એટલું જ નહીં, સરહદો તરફ પણ ભારતની નજર અને દૃષ્ટિકોણ હવે બદલાઈ ચૂક્યો છે. ભારતની ભૂમિ ઉપર નજર બગાડનારને જડબાંતોડ જવાબ આપવાની તાકાત આપણા વીર જવાનોના હાથમાં છે. આજે ભારતની સરહદો પર પણ સેંકડો કિ.મી. લાંબી સડકો બની રહી છે. ડઝનબંધ પુલ બની રહ્યા છે. લગાતાર અનેક સુરંગો બનતી રહે છે. આપણું સાર્વભૌમત્વ અને સન્માનની રક્ષા માટે પણ આજે ભારત સંપૂર્ણ રીતે સજ્જ છે, કટિબદ્ધ છે, પ્રતિબદ્ધ છે અને સંપૂર્ણ રીતે તૈયાર છે.

**કેટલાક લોકો આતંકવાદના સમર્થનમાં ખૂલીને સામે આવી રહ્યા છે**

પરંતુ સાથીઓ, પ્રગતિના આ પ્રયાસોની વચ્ચે ઘણા એવા પડકારો પણ આવે છે કે જેનો સામનો આજે ભારત અને સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. વીતેલા થોડા સમયમાં દુનિયાના અનેક દેશોમાં જે હાલત ઊભી થઈ છે તેના કારણે કેટલાક લોકો આતંકવાદના સમર્થનમાં ખૂલીને સામે આવી રહ્યા છે. તે આજે માનવતા માટે, દુનિયા માટે, શાંતિના ઉપાસકો માટે એક વૈશ્વિક ચિંતાનો વિષય બની ગયા છે. આજના આ વાતાવરણની વચ્ચે દુનિયાના તમામ દેશોએ, તમામ સરકારોએ, તમામ ધર્મોએ આતંકવાદ વિરુદ્ધ સૌથી વધુ સંગઠિત થવાની તાતી જરૂર છે. શાંતિ, ભાઈચારો અને એકબીજા તરફ આદરની ભાવના માનવતાની સાચી ઓળખ છે. શાંતિ, એકતા અને સદ્‌ભાવ એ જ તેનો માર્ગ છે. આતંકવાદ અને હિંસાને કારણે ક્યારેય કોઈનું પણ કલ્યાણ થતું નથી. ભારત તો વીતેલા અનેક દાયકાઓથી આતંકવાદનો ભોગ બનેલું છે. આતંકવાદને કારણે પિડાઈ રહ્યું છે. ભારતે પોતાના હજારો વીર જવાનો ગુમાવ્યા છે. પોતાના હજારો નિર્દોષ નાગરિકો પણ ખોયા છે. અનેક માતાઓએ તેમના લાલ ગુમાવ્યા છે. અનેક બહેનોએ પોતાના ભાઈ ખોયા છે. આતંકની પીડા તો ભારત સારી રીતે જાણે છે. ભારતે આતંકવાદને હંમેશા પોતાની એકતાથી, પોતાની દૃઢ ઈચ્છાશક્તિથી જવાબ આપ્યો છે. આજે સમગ્ર વિશ્વએ પણ સંગઠિત બનીને એવી તમામ તાકાતોને પરાસ્ત કરવાની છે કે જે આતંકની સાથે છે અને આતંકવાદને પ્રોત્સાહિત કરી રહી છે.

**સર્વે ભવન્તુ સુખિનઃ**

સાથીઓ, ભારત માટે એકતાના અર્થનો વિસ્તાર ખૂબ જ વ્યાપક રહ્યો છે. આપણે તો એ લોકો છીએ કે જેમને "સર્વે ભવન્તુ સુખિનઃ" થી પ્રેરણા મળે છે. આપણે એવા લોકો છીએ કે જેમણે "વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવના આત્મસાત્ કરી છે. આપણી આ જ તો જીવનધારા છે. ભગવાન બુદ્ધથી માંડીને મહાત્મા ગાંધી સુધી ભારતે સમગ્ર વિશ્વને શાંતિ અને એકતાનો સંદેશો આપ્યો છે. સાથીઓ, રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકરજીએ લખ્યું છે કે भारत एक विचार, स्वर्ग को भू पर लाने वाला। भारत एक भाव, जिसको पाकर मनुष्य जगता है। આપણું આ રાષ્ટ્ર આપણા આ વિચારોથી, આપણી ભાવનાઓથી, આપણી ચેતનાઓથી, આપણા પ્રયાસોથી આપણને સૌને સંગઠિત કરીને બનેલું છે અને તેની ખૂબ મોટી તાકાત ભારતની વિવિધતા છે. આટલી બોલીઓ, આટલી ભાષાઓ, અલગ અલગ પ્રકારના પોશાકો, ખાણી-પીણી, રીતરિવાજ, માન્યતાઓ આ બધું અન્ય કોઈ દેશમાં મળવું મુશ્કેલ છે. આપણાં



વેદવાક્યોમાં પણ કહ્યું છે કે जनं बिभ्रति बहुधा विवाचसं नानाधर्माणं पृथ्वीवी यथौकसम् । सहस्रं धारा द्रविणस्य मे दुहां ध्रुवेव धेनुरन-पस्फुरन्ति। અર્થાત્ આપણી આ માતૃભૂમિ અલગ અલગ ભાષાઓ બોલનારા, અલગ અલગ આચાર, વિચાર, વ્યવહાર ધરાવનારા લોકોને એક ઘરની જેમ ધારણ કરે છે અને એટલા માટે જ આપણી આ વિવિધતા જ આપણું અસ્તિત્વ છે. આ વિવિધતામાં એકતાને જીવંત રાખવાનું રાષ્ટ્ર પ્રત્યે આપણું કર્તવ્ય છે. આપણે યાદ રાખવાનું છે કે આપણે એક છીએ, તો આપણે અપરાજેય છીએ. આપણે એક છીએ, તો આપણે અસાધારણ છીએ. આપણે એક છીએ તો આપણે અદ્વિતીય છીએ. પરંતુ સાથીઓ, આપણે એ બાબત પણ યાદ રાખવાની છે કે ભારતની આ એકતા, ભારતની આ તાકાત અન્ય લોકોને ખટકતી પણ રહી છે. આપણી આ વિવિધતાને જ એ લોકો આપણી કમજોરી બનાવવા માંગે છે. આપણી આ વિવિધતાને આધાર બનાવીને એ લોકો એકબીજા વચ્ચે ખાઈ ઊભી કરવા માંગે છે. આવી તાકાતોને ઓળખી લેવાનું જરૂરી છે. આવી તાકાતોના કારણે દરેક ભારતીયે અનેકગણું સતર્ક રહેવાની જરૂર છે.

**પોતાના સ્વાર્થની ખાતર જાણે-અજાણે તમે દેશ-વિરોધી તાકાતોના, તેમના હાથમાં રમીને, તેમનું મહોરું બનીને તમે પોતાનું ભલું કરી શકશો નહીં કે દેશનું પણ ભલું કરી શકશો નહીં**


સાથીઓ, આજે અહીંયાં જ્યારે હું અર્ધ સૈનિક દળોની પરેડ જોઈ રહ્યો હતો, આપ સૌના અદ્ભુત કૌશલ્યને જોઈ રહ્યો હતો ત્યારે મનમાં એક તસવીર હતી અને એ તસવીર હતી પુલવામા હુમલાની. તે હુમલામાં આપણા પોલીસદળના, આપણા જે વીર સાથીઓ શહીદ થયા તે અર્ધ સૈનિક દળના જ હતા. દેશ ક્યારેય ભૂલી શકે તેમ નથી કે જ્યારે પોતાના વીર દીકરાઓને ગુમાવવાના કારણે સમગ્ર દેશ દુઃખી હતો ત્યારે કેટલાક લોકો તેમાં સામેલ થયા ન હતા. આ લોકો પુલવામા હુમલામાં પણ પોતાનો રાજનીતિક સ્વાર્થ શોધી રહ્યા હતા. દેશ ભૂલી શકે તેમ નથી કે ત્યારે કેવી કેવી વાતો કરવામાં આવતી હતી. કેવાં કેવાં નિવેદનો કરવામાં આવતાં હતાં. દેશ ભૂલી શકે તેમ નથી કે જ્યારે દેશ ઉપર આટલો મોટો ઘા પડેલો હતો ત્યારે સ્વાર્થ અને અહંકારને કારણે ભરપૂર ગંદી રાજનીતિ કેટલી ચરમ સીમા પર હતી અને એ સમયે તે વીરોની સામે જોઈને મેં વિવાદોથી દૂર રહીને તમામ આરોપોનો સામનો કર્યો હતો. ગંદી ગંદી વાતો સાંભળતો રહ્યો હતો. મારા દિલ ઉપર વીર શહીદોનો ઊંડો ઘા હતો, પરંતુ વીતેલા દિવસોમાં પડોશી દેશોમાંથી જે સમાચાર આવ્યા હતા, જે રીતે ત્યાંની સંસદમાં સત્ય સ્વીકારવામાં આવ્યું હતું તેનાથી તે લોકોનો અસલી ચહેરો દેશની સામે આવી ગયો છે. પોતાના એક માત્ર સ્વાર્થને ખાતર, રાજનીતિક સ્વાર્થ માટે આ લોકો કેટલી હદ સુધી જઈ શકે છે, પુલવામા હુમલા પછી કરવામાં આવેલી રાજનીતિ તેનું ખૂબ મોટું ઉદાહરણ છે. હું આવાં રાજનીતિક દળોને, આવા લોકોને આગ્રહ કરીશ કે આજના સમયમાં થોડો વિશેષ આગ્રહ કરીશ કે સરદાર સાહેબ તરફ જો તમને શ્રદ્ધા હોય તો આ મહાપુરુષની આ વિરાટ પ્રતિમાની સામે તમને આગ્રહ કરું છું કે દેશના હિતમાં, દેશની સુરક્ષાના હિત માટે આપણાં સુરક્ષા દળોનું મનોબળ વધારવા માટે કૃપા કરીને આવી રાજનીતિ ના કરે. આવી બાબતોથી અળગા રહે. પોતાના સ્વાર્થની ખાતર જાણે-અજાણે તમે દેશ-વિરોધી તાકાતોના, તેમના હાથમાં રમીને, તેમનું મહોરું બનીને તમે પોતાનું ભલું કરી શકશો નહીં કે દેશનું પણ ભલું કરી શકશો નહીં.

સાથીઓ, આપણે હંમેશા એ બાબત યાદ રાખવાની છે કે આપણા સૌના માટે જો કોઈ બાબત સર્વોચ્ચ હિત જાળવતી હોય તો તે દેશહિત છે. આપણે જ્યારે સૌના હિત માટે વિચાર કરીશું તો જ આપણી પ્રગતિ થશે, ત્યારે જ આપણી ઉન્નતિ થશે. ભાઈઓ અને બહેનો, આજે અવસર છે કે આ વિરાટ, ભવ્ય વ્યક્તિત્વના ચરણોમાં આપણે એવા ભારતના નિર્માણના સંકલ્પને દોહરાવીએ કે જેનું સપનું સરદાર વલ્લભભાઈ પટેલે જોયું હતું. એક એવું ભારત કે જે સશક્ત હશે અને આત્મનિર્ભર પણ હશે. આવો, આજે આ પાવન અવસર પ્રસંગે ફરીથી રાષ્ટ્ર તરફ આપણી સમર્પણભાવનાને દોહરાવીએ. આવો, સરદાર પટેલના ચરણોમાં નતમસ્તક સાથે આપણે એવી પ્રતિજ્ઞા લઈએ કે દેશના ગૌરવ અને માનમાં વધારો થાય.


આ દેશને નવી ઊંચાઈ ઉપર લઈ જઈએ તેવા સંકલ્પની સાથે તમામ દેશવાસીઓને એકતા પર્વની અનેક વખત, ફરી એક વખત ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. આદરપૂર્વક સરદાર સાહેબને નમન કરતાં કરતાં શ્રદ્ધાપૂર્વક સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ આપતાં હુ દેશવાસીઓને વાલ્મીકિ જયંતીની પણ શુભેચ્છા પાઠવું છું. સરદાર સાહેબની શુભકામનાઓ સાથે મારી વાણીને વિરામ આપું છું.

ખૂબ ખૂબ ધન્યવાદ !

●







# ૧૪૫મી સરદાર પટેલ જન્મજયંતીના પૂર્વ દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડિયાના સંકલિત વિકાસ માટેના વિવિધ પ્રોજેકટસનાં કર્યાં લોકાર્પણ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડિયાના સંકલિત વિકાસ માટેનાં વિવિધ ૧૭ પ્રોજેકટસના લોકાર્પણ અને ૪ નવા પ્રોજેકટના શિલાન્યાસ પ્રસંગે પ્રથમ ચરણમાં આરોગ્યવન, એકતા મોલ અને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનાં લોકાર્પણ કર્યાં હતાં. આ વેળાએ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ જોડાયા હતા.

પ્રધાનમંત્રીશ્રીએ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મ-જયંતીના પૂર્વ દિવસે આ પ્રવાસન આકર્ષણ પ્રોજેક્ટ્સના લોકાર્પણ સંપન્ન કર્યાં હતાં.

આ તમામ પ્રોજેકટસે સ્ટેચ્યુ ઑફ યુનિટીના આકર્ષણમાં વધારો કર્યો છે જે પ્રવાસીઓને આકર્ષવા અને માણવા માટે આહ્‌લાદક નજરાણાં પુરવાર થશે.

આ બધા જ પ્રોજેકટ વિક્રમજનક સમયમાં પૂર્ણ થતાં કેવડિયા વિશ્વસ્તરના એક પ્રવાસન કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે, જ્યાં કુટુંબના દરેક વયજૂથના સભ્યો માટે રસપ્રદ આકર્ષણો બની રહેશે.

આરોગ્ય વનનું લોકાર્પણ કરતાં પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ ટ્વિટ કરતાં જણાવ્યું હતું કે, કેવડિયા સ્થિત ''ધ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક'' પોષણને સ્પર્શતા અનેકવિધ આયામો વિષે જાગૃતિ ફેલાવવા માટેનું સર્જનાત્મક સ્થળ છે. અહીંનું એક મહત્ત્વનું આકર્ષણ છે : ટ્રેન રાઈડ, જે તમને અલગ-અલગ સ્થળે લઈ જઈને વિધવિધ આકર્ષણો દર્શાવશે.

'આરોગ્ય વન'નું લોકાર્પણ કરતાં પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ ટ્વિટ કરતાં જણાવ્યું હતું કે, 'આ વન ભારતના ઔષધીય વૈભવના પ્રતીક સમાન છે. જ્યાં વિવિધ રોપાની સાથે ભારતની પ્રાચીન આયુર્વેદિક નીરોગિતાની પ્રણાલિકા તથા ઉત્તમ આરોગ્ય અંગેની જાણકારી પ્રાપ્ત કરવાનું સુંદર સ્થળ છે.'

એકતા મોલના ઉદ્‌ઘાટન સમયે વડાપ્રધાન મોદી અત્યંત રોમાંચ અનુભવતા હતા. આ સ્થળ વિષે શાબ્દિક નિરૂપણ કરતાં તેમણે જણાવ્યું





હતું કે, એકતા મોલ ભારતના વૈવિધ્યપૂર્ણ હસ્તકલાના વારસાને એક જ સ્થળે પામવાનું સંગમસ્થાન છે. અહીં વડાપ્રધાન મોદીએ જમ્મુ-કાશ્મીર, પૂર્વ ભારતનાં રાજ્યોએ નિરૂપિત કરેલા હસ્તકલાના નમૂનાને માણ્યા હતા.

## વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ઉદ્દ્ઘાટન અને ખાતમુહૂર્ત થયેલ પ્રોજેક્ટ્સની મુખ્ય વિશેષતાઓ

### જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજિકલ પાર્ક)

વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલો 'સ્ટેટ ઓફ આર્ટ' ઝુઓલોજિકલ પાર્ક છે. જંગલ સફારીમાં પ્રવાસીઓ દેશનાં અને વિદેશનાં કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓનાં પ્રાણીઓ જોવાનો આનંદ માણી શકશે. આ પ્રોજેકટમાં જુદાં જુદાં ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે 'જીઓડેસીક ડોમ એવીયરીઝ'નો સમાવેશ છે, જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઊડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણી શકે.

જંગલ સફારી પ્રોજેકટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાનાં પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો 'પેટીંગ ઝોન'નો સમાવેશ છે. પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પર્શિયન બિલાડી, સસલાંઓ, ગુનીયા પીગ, નાનો અશ્વ, નાનાં ઘેટાં અને બકરાં, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

### એકતા મોલ


દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો. ફૂટમાં પથરાયેલ વિશાળ એકતા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં દેશનાં જુદાંજુદાં રાજ્યોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલૂમ અને હેન્ડિક્રાફ્ટ એમ્પોરિયમ છે. એકતા મોલમાં દેશનાં જુદાં જુદાં રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદવાનો પ્રવાસીઓ આનંદ માણે છે, જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલું છે.


### ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક

અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો. મી. વિસ્તારમાં પથરાયેલો છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી આ પાર્ક ખાસ ડિઝાઈન કરવામાં આવેલો છે, જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરે છે.

પ્રવાસ દરમિયાન ફળ-શાક ગૃહમ્, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ્, સ્વસ્થ ભારતમ્ અને ન્યુટ્રી હંટ જેવાં સ્ટેશનો આવે છે. આ સ્થળોમાં જુદી જુદી ૪૭ જેટલી ટેક્નોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજનની સાથે માહિતી મળે અને 'સહી પોષણ-દેશ રોશન' ચરિતાર્થ થાય તે પ્રયાસ કરવામાં આવ્યો છે. વધુમાં નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, 5-D થિયેટર,ભૂલ-ભુલૈયા પણ છે.








### યુનિટી ગ્લો ગાર્ડન

પ્રવાસીઓને રોમાંચ, ઉત્તેજના અને આનંદ થાય તેવો ખાસ થીમ સાથેનો યુનિટી ગ્લો ગાર્ડન અહીં આકર્ષણનું કેન્દ્ર બને તેવો છે. આ પ્રકારનો દેશમાં સૌ પ્રથમ ગાર્ડન છે. ૩.૬૧ એકરમાં પથરાયેલા આ વિશાળ ગાર્ડનમાં LED લાઈટથી ઝગમગતાં પ્રાણીઓની પ્રતિકૃતિ, વૃક્ષો અને ફુવારાઓ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દે છે. કેવડિયા ખાતે પ્રવાસીઓને રાત્રે આ વિશિષ્ટ પ્રકારના ગાર્ડન જેમાં ઝળહળતી રોશનીની હારમાળાઓ અવિસ્મરણીય અનુભવ કરાવશે.

### કેક્ટસ ગાર્ડન

સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદીના ડાબા કાંઠે ૨૫ એકરમાં આ ગાર્ડન પથરાયેલો છે, જેમાં ૪૫૦ પ્રકારની કેક્ટસ અને સેક્યુલન્ટસ પ્રજાતિ છે અને વિશ્વના જુદા જુદા ૧૭ દેશોના કુલ ૬ લાખ જેટલા કેક્ટસના છોડવાઓ આવેલા છે. કેક્ટસ ગાર્ડનમાં ૮૩૮ ચો.મી.નો અદ્વિતીય અષ્ટકોણીય ડોમ આવેલા છે જે પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે. અહીં પ્રવાસીઓને જુદી જુદી પ્રજાતિના કેક્ટસ અંગે જાણકારી મળે છે. કેક્ટસ ગાર્ડનમાં કેક્ટસમાંથી બનતી દવાઓ અને હર્બલ પ્રોડક્ટની ખાસ દુકાન છે અને પ્રવાસીઓ તેમાંથી કેક્ટસના છોડવાઓ તથા દવાઓ ખરીદી શકે છે.

### એકતા નર્સરી

જુદા જુદા રોપાઓના પ્રદર્શન-વેચાણ થકી એકતાના વિચારના થીમ ઉપર ૧૦ એકરમાં પથરાયેલું આ એકતા નર્સરી પ્રવાસીઓને અદ્વિતીય અનુભવ કરાવે છે. ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીથી સજ્જ આ નર્સરીની ૧૦ લાખ રોપાઓ પ્રતિ વર્ષ ઉછેરવાની ક્ષમતા છે. એકતા નર્સરી 'એકતા હેન્ડિકાફ્ટ' પ્રવાસીઓનું આકર્ષણ સ્થળ છે, જેમાં બામ્બુ કાફ્ટસ, સોપારીનાં પાંદડાંઓમાંથી બનતી વસ્તુઓ અને ઓર્ગેનિક પોટ્સનું પ્રદર્શન-વેચાણ છે.

આ જગ્યાએ પ્રવાસીઓ વસ્તુઓ જાતે બનાવવાનો અનુભવ અને આનંદ મેળવે છે. કાફેટેરિયામાં આદિવાસી મહિલાઓ દ્વારા સ્થાનિક સ્વાદિષ્ટ વ્યંજનોનો સ્વાદ ઉપલબ્ધ છે. સોવિનિયર શોપમાં પ્રવાસીઓ સાબુ, મધ, રોપાઓ વગેરેની ખરીદી પણ કરી શકે છે. આ જુદી જુદી પ્રવૃત્તિઓ થકી મહિલાઓના 'સેલ્ફ-હેલ્પ ગૃપ' થકી ૩૧૧ કુટુંબોને આર્થિક લાભ મળે છે.

### ખલવાણી ઈકો-ટૂરિઝમ

પ્રવાસીઓને કુદરતના સાંનિધ્યમાં રહેવા અને સાહસિક પ્રવૃત્તિઓ કરવાનું આ એક ઉત્તમ સ્થળ છે. ખલવાણી ઈકો-ટૂરિઝમ સ્થળ ૧૦૦ એકર વિસ્તારમાં પથરાયેલ છે જેમાં ૮૨ એકર વિસ્તારમાં ૧.૩ લાખ વૃક્ષોની હરિયાળી છે. આ સ્થળે ૧૦૦ જેટલા પ્રવાસીઓને રહેવા માટેની ઉત્તમ સગવડ છે, જેમાં ટ્રી હાઉસ, ટેન્ટ વગેરેનો સમાવેશ છે. અહીં કાફેટેરિયામાં સેલ્ફ-હેલ્પ ગૃપ દ્વારા મહિલાઓને રોજગારી મળે છે અને આદિવાસી સ્થાનિક વિસ્તારના વ્યંજનનો સ્વાદ મળે છે. એડવેન્ચર ટૂરિઝમ માટે આદર્શ સ્થળ છે, જેમાં ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગ ઉપલબ્ધ છે. ૪.૫ કિ.મી. લંબાઈ અને ૯ રેપીડ ધરાવતું આ રીવર રાફટીંગ યુવાનો માટે રોમાંચક અનુભવ છે.

### આરોગ્ય વન

માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં વૈદિક વૃક્ષો સાથેનું આ આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે. આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ૩૮૦ પ્રજાતિનાં જુદાં જુદાં ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલાં છે. આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન-સ્થળ, ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિજિટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવિનિયર શોપ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ થાય છે. અહીંના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના ડૉક્ટર અને નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરપીનો પ્રવાસીઓને લાભ મળે છે. આરોગ્ય વનમાં પ્રવાસીઓ શારીરિક સુખાકારી સાથે કુદરત સાથે તાદાત્મ્ય પણ અનુભવે છે.





## જેટ્ટીસ અને એકતા ક્રૂઝ

પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવે ત્યારે નર્મદા નદીમાં બોટીંગ દ્વારા સાતપુડા તથા વિંધ્યાચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી ફેરી બોટ સર્વિસ - એકતા ક્રૂઝ પ્રોજેક્ટ કરવામાં આવ્યો છે. એકતા ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ ૬ કિ.મી. સુધી અને ૪૦ મિનિટ બોટીંગનો આહ્લાદક આનંદ મેળવી શકે છે. એકતા ક્રૂઝની લંબાઈ ૨૬ મીટર અને પહોળાઈ ૯ મીટર છે અને ૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવે છે. આ ફેરી બોટ સર્વિસ માટે શ્રેષ્ઠ ભારત ભવન ખાતે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જેટ્ટી બનાવવામાં આવી છે.

## ગરૂડેશ્વર વિયર

સરદાર સરોવર ડેમમાં જળવિદ્યુત મથકના રીવર્સેબલ ટર્બાઈનના સંચાલન માટે નીચેવાસમાં તળાવનું નિર્માણ કરવા માટે ગરૂડેશ્વર વિયર બનાવવામાં આવ્યું છે. ગરૂડેશ્વર વિયર નર્મદા ડેમથી ૧૨.૧૦ કિ.મી. નીચેવાસમાં આવે છે. ગરૂડેશ્વર વિયરની લંબાઈ ૬૦૯ મીટરના સ્પીલવે સાથે કુલ ૧૨૧૮ મીટર છે. વિયરની સંગ્રહશક્તિ ૮૭.૨૦ મિલીયન ક્યુબીક મીટર છે. ગરૂડેશ્વર વિયરમાં ૯ મે.વો. જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

## નવો ગોરા બ્રિજ

ગોરા ગામ નજીક નર્મદા નદી પર લો લેવલનો કોઝવે ગરૂડેશ્વર વિયરના કારણે ડૂબમાં આવતો હોવાથી નવો ગોરા બ્રિજ બનાવવામાં આવ્યો છે, જેમાં મુખ્ય ભાગની લંબાઈ ૯૨૦ મીટર છે અને એપ્રોચીઝની લંબાઈ ૧.૬ કિ.મી. છે. આ બ્રિજમાં વાહનોની સરળતાથી અવરજવર માટે ચાર લેન કરવામાં આવ્યા છે. ગોરા બ્રિજ સરદાર સરોવર ડેમથી ૬.૩૦ કિ.મી. નીચેવાસમાં છે. આ બ્રિજ કેવડિયાથી રાજપીપળાના રસ્તાને જોડે છે.

## સરકારી વસાહતો

સરદાર સરોવર નર્મદા નિગમના કર્મચારી-ઈજનેરોના વસવાટ માટે કુલ-૧૧૨ ફ્લેટ બનાવવામાં આવ્યા છે, જેમાં જુદી જુદી કેટેગરીનો સમાવેશ છે. આ વસાહત બનતાં કર્મચારી/ અધિકારીઓને કેવડિયા ખાતે રહેવા માટે સગવડ ઉપલબ્ધ થશે.

## બસ બે ટર્મિનસ

પ્રવાસીઓને વિવિધ સ્થળોએથી લેવા અને મૂકવા માટે ૧૦ સબ-બસ સ્ટેન્ડ ધરાવતું વિશાળ ટર્મિનસ બનાવવામાં આવ્યું છે. પ્રત્યેક બસ સ્ટેન્ડની સાઈઝ ૨૦ મીટર x ૮ મીટર છે. બસ સ્ટેન્ડની ક્ષમતા એક જ સમયે ૧૫૦૦ પ્રવાસીઓ માટેની છે, જે માટે ૧૨૦૦ મીટર લંબાઈની સ્ટેનલેસ સ્ટીલ રેલીંગ નાખવામાં આવી છે. અહીં પ્રવાસીઓ માટે ૬૦૦ જેટલા લોકર પણ ઉપલબ્ધ છે.


## હોમ સ્ટે પ્રોજેક્ટ

હોમ સ્ટે એટલે કે કોઈકના ઘરમાં ટૂંક સમય માટે ભાડેથી રોકાણ કરવું. શહેરની ભીડ-ભાડ અને વૈભવી વિસ્તારોથી વિપરીત ગામડાંના શાંત અને કુદરતી વાતાવરણમાં આવેલ આ હોમ સ્ટેનાં મકાનો પ્રવાસીઓના રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ મકાનોમાં સુંદર અને સ્વચ્છ વાતાવરણ તેમજ નજીવી કિંમતે જમવાનું પણ પ્રવાસીઓને મળી રહેશે. હોમ સ્ટેમાં રોકાનાર પ્રવાસીઓ આદિવાસી સમાજના લોકોના પરિચયમાં આવશે તથા તેમને આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિ વિશે જાણવા મળશે. બીજી તરફ જે મકાનોમાં પ્રવાસીઓ રોકાશે તે કુટુંબોને આજીવિકા મળી રહેશે. આ પ્રોજેક્ટથી શહેરમાં રહેતા લોકોને ગામડાનું જીવન માણવાની તક મળશે. આવા સુંદર વિચાર સાથે 'ટ્રાયબલ હોમ સ્ટે પ્રોજેક્ટ' ગરૂડેશ્વર તાલુકામાં આવેલ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની આસપાસના વિસ્તારમાં રહેતાં ગરીબ આદિવાસી કુંટુંબોના સામાજિક અને આર્થિક વિકાસ માટે શરૂ કરવામાં આવ્યો છે.

## આદર્શ ગામ

૬ ગામોનાં અસરગ્રસ્ત કુટુંબોને જરૂરી તમામ સવલતો સાથે વસવાટ કરવાની 'આદર્શ ગામ' યોજના અંતર્ગત ગોરા ગામ પાસે ૪૦૦ કુટુંબોને પાકાં મકાનો સાથે પ્રાથમિક નિશાળ, આંગણવાડી, દવાખાનું, પશુઓ માટે અવેડો, કોમ્યુનિટી હોલ, બાળકોને રમવા માટે ખાસ જગ્યાઓ વિગેરે સવલતો ઉપલબ્ધ થશે.

•





## શ્રી કેશુભાઈ પટેલના અવસાન અંગે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો શોક-સંદેશ



**શ્રદ્ધેય કેશુભાઈ એક વિરાટ વ્યક્તિત્વના ધની હતા. એક બાજુ વ્યવહારમાં સૌમ્યતા અને બીજી તરફ નિર્ણય લેવા માટે દૃઢ ઇચ્છાશક્તિ તેમની ખૂબ મોટી ખાસિયત હતી**

આજે દેશના, ગુજરાતની ધરતીના એક મહાન સપૂત આપણા સૌથી ઘણા દૂર ચાલ્યા ગયા છે. આપણા સૌના પ્રિય, શ્રદ્ધેય કેશુભાઈ પટેલજીના નિધનથી હું દુઃખી છું, સ્તબ્ધ છું. કેશુભાઈનું જવું મારા માટે એક પિતાતુલ્યના જવા જેવું છે. તેમનું નિધન મારા માટે એવી ખોટ છે, જે ક્યારેય પુરાશે નહીં. લગભગ ૬ દશકનું સાર્વજનિક જીવન અને અખંડ રીતે એક જ લક્ષ્ય – રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રહિત.

કેશુભાઈ એક વિરાટ વ્યક્તિત્વના ધની હતા. એક બાજુ વ્યવહારમાં સૌમ્યતા અને બીજી તરફ નિર્ણય લેવા માટે દૃઢ ઈચ્છાશક્તિ તેમની ખૂબ મોટી ખાસિયત હતી. તેમણે પોતાના જીવનની દરેક ક્ષણ સમાજ માટે, સમાજના દરેક વર્ગની સેવા માટે સમર્પિત કરી દીધી હતી. તેમનું દરેક કાર્ય ગુજરાતના વિકાસ માટે હતું, તેમનો દરેક નિર્ણય પ્રત્યેક ગુજરાતીને સશક્ત બનાવવા માટેનો હતો.

એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવનારા આપણા કેશુભાઈ ખેડૂતનાં, ગરીબોનાં દુઃખોને સમજતા હતા, તેમની તકલીફોને સમજતા હતા. ખેડૂતોનું કલ્યાણ તેમના માટે સર્વોપરી હતું. ધારાસભ્ય હતા, સંસદસભ્ય હતા, મંત્રી હતા કે પછી મુખ્યમંત્રી હતા ત્યારે પણ કેશુભાઈએ પોતાની યોજનાઓમાં, તેમના નિર્ણયોમાં ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. ગામડાં, ગરીબ, ખેડૂતોના જીવનને સરળ બનાવવા માટે તેમણે કાર્ય કર્યું છે, રાષ્ટ્રભક્તિ અને જનભક્તિના જે આદર્શોને લઈને તેઓ જીવનભર ચાલ્યા, તે પેઢીઓ સુધી પ્રેરિત કરતું રહેશે.

કેશુભાઈ ગુજરાતના રંગ-રંગ અને રગ-રગથી પરિચિત હતા. તેમણે જનસંઘ અને ભાજપને ગુજરાતના દરેક ક્ષેત્રમાં પહોંચાડ્યું, દરેક ક્ષેત્રમાં મજબૂત કર્યું. મને યાદ છે, કટોકટીના દિવસોમાં કેવી રીતે કેશુભાઈએ લોકતંત્રની રક્ષા માટે સંઘર્ષ કર્યો, સંપૂર્ણ તાકાત લગાવી દીધી.

કેશુભાઈએ મારા જેવા ઘણા સામાન્ય કાર્યકર્તાઓને ઘણું બધું શીખવાડ્યું, હંમેશા માર્ગદર્શન આપ્યું. પ્રધાનમંત્રી બન્યા પછી પણ હું નિરંતર તેમના સંપર્કમાં રહ્યો. ગુજરાત જતો ત્યારે મને જ્યારે પણ તક મળતી, હું તેમના આશીર્વાદ લેવા માટે ગયો.

હમણાં કેટલાંક અઠવાડિયાં પહેલાં, સોમનાથ ટ્રસ્ટની વર્ચુઅલ બેઠક દરમિયાન પણ મારી તેમની સાથે ઘણા સમય સુધી વાતચીત થઈ હતી અને તેઓ ખૂબ પ્રસન્ન જણાતા હતા. કોરોનાના આ કાળમાં ફોન પર પણ તેમની સાથે મારે ઘણી વાતચીત થઈ હતી. હું તેમના સ્વાસ્થ્યના સમાચાર પૂછતો રહેતો હતો. લગભગ ૪૫ વર્ષનો ગાઢ પરિચય, સંગઠન હોય, સંઘર્ષ હોય, વ્યવસ્થાનો વિષય હોય, આજે એક સાથે ઘણી ઘટનાઓ મને યાદ આવી રહી છે.

આજે ભાજપના પ્રત્યેક કાર્યકર્તા મારી જેમ જ ખૂબ દુઃખી છે. મારી સંવેદનાઓ કેશુભાઈના પરિવાર સાથે છે, તેમના શુભચિંતકો સાથે છે. દુઃખની આ ક્ષણમાં, હું તેમના પરિવારની સાથે સતત સંપર્કમાં છું.

હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે કેશુભાઈને તેમના ચરણોમાં સ્થાન આપે, તેમની આત્માને શાંતિ અર્પણ કરે.

ઓમ્ શાંતિ!!



**મંત્રીમંડળે બે મિનિટનું મૌન પાળી સદ્‌ગત કેશુભાઈને શ્રદ્ધાંજલિ સાથે પરમાત્માને દિવંગત આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના કરી**

# ૧૯૯૫માં પ્રથમવાર તેઓના નેતૃત્વમાં રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની હતી અને તેઓએ રાજ્યના ૧૦મા મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી હતી



**સ્વ. કેશુભાઈ પટેલ**
**ગુજરાતમાં જનસંઘથી લઈને ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા અને રાજકીય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનારા સમર્પિત નેતૃત્વકર્તા હતા**
**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ. કેશુભાઈ પટેલને ગુજરાતમાં જનસંઘથી લઈને ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા અને રાજકીય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનારા સમર્પિત નેતૃત્વકર્તા ગણાવ્યા હતા

સ્વ. કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. એટલું જ નહિ, ખેડૂતપુત્ર તરીકે પણ તેમણે ખેડૂતહિત સહિત અનેક લોકસેવાનાં કાર્યોથી ભાજપાને અપ્રતિમ લોકચાહના અપાવી છે, એમ મુખ્યમંત્રીશ્રીએ સદ્‌ગત સ્વ. કેશુભાઈના પ્રદાનની સરાહના કરતાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સ્વ. કેશુભાઈના અવસાનથી આપણને સૌને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે અને આ ખોટ આપણને સદાય સાલશે. શ્રી વિજયભાઈ રૂપાણીએ સદ્‌ગત કેશુભાઈના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના પણ સૌ વતી કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓની મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુભાઈ પટેલના અવસાન અંગે ઊંડા ખેદ અને દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

રાજ્ય મંત્રીમંડળે પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. કેશુભાઈ પટેલને ભાવસભર શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ આ બેઠકમાં પસાર કર્યો હતો.


રાજ્ય મંત્રીમંડળે પસાર કરેલ શોક પ્રસ્તાવ અક્ષરશઃ આ મુજબ છેઃ-


ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના અગ્રણી રાજનેતા શ્રી કેશુભાઈ પટેલના સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ ખાતે તા. ૨૯/૧૦/૨૦૨૦ના રોજ ૯૨ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની મંત્રીમંડળે ઊંડા ખેદ સાથે નોંધ લીધી છે.

શ્રી કેશુભાઈ પટેલનો જન્મ ૨૪મી જુલાઈ, ૧૯૨૮ના રોજ જૂનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે થયો હતો. તેઓ માત્ર ૧૭ વર્ષની ઉંમરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા હતા.

તેઓએ ભારતીય જનસંઘથી રાજનીતિની શરૂઆત કરી હતી. ૧૯૭૭માં પ્રથમ વખત લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી રાજ્યના કૃષિમંત્રી તરીકે તેમજ સને ૧૯૯૦માં નર્મદા, જળસંપત્તિ, વાહન-વ્યવહાર અને બંદર વિભાગના મંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી.

ઈ.સ. ૧૯૭૯માં મોરબીમાં મચ્છુ હોનારતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. શ્રી કેશુભાઈ પટેલ ૧૯૭૮ થી ૧૯૯૫ સુધી કાલાવાડ, ગોંડલ અને વિસાવદર વિધાનસભા મતક્ષેત્રમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલ હતા.





**વર્ષ ૧૯૯૫માં રાજ્યમાં પ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની પ્રથમ સરકાર બની ત્યારે તેઓ પ્રથમ  મુખ્યમંત્રી બન્યા હતા. એમના મુખ્યમંત્રી તરીકેનો તેમનો આ કાળ રાજ્યની વિકાસયાત્રામાં સુવર્ણઅક્ષરે લખાશે - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ**

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી શ્રી કેશુભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે અને એમના પરિવારજનો પર આવી પડેલ દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે એવી પ્રાર્થના કરી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે સ્વ.શ્રી કેશુભાઈ પટેલને શોકાંજલિ અર્પતાં કહ્યું કે, ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોની ચિંતાના હિમાયતી એવા સ્વ.શ્રી કેશુભાઈના જવાથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી છે. વર્ષ ૧૯૯૫માં રાજયમાં પ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની પ્રથમ સરકાર બની ત્યારે તેઓ પ્રથમ  મુખ્યમંત્રી બન્યા હતા. એમના મુખ્યમંત્રી તરીકેનો તેમનો આ કાળ રાજયની વિકાસયાત્રામાં સુવર્ણઅક્ષરે લખાશે.તેમણે શરૂ કરેલી ગોકુળ ગ્રામ યોજના ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદરૂપ નીવડી હતી અને આજે પણ લોકોના મુખે ચર્ચાઈ રહી છે. એમના દીર્ઘદષ્ટિપૂર્ણ નિર્ણયો અને દષ્ટિવંત નેતૃત્વને ત્યારબાદના અમારા મુખ્યમંત્રીશ્રીઓએ આગળ વધારી છે, જેના પરિણામે આજે ગુજરાત દેશનું વિકાસ મોડલ પુરવાર થઈ રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે, સ્વ. શ્રી કેશુભાઈ પટેલે રાજકોટ નગર પાલિકાના સભ્ય તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને છ વખત ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે અને લોકસભામાં સાંસદ તરીકે પણ ચૂંટાઈને સામાન્ય નાગરિકો, ખેડૂતો અને પશુપાલકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેમણે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના ઝડપથી પૂર્ણ થાય એ માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યા હતા તથા નર્મદા બંધની ઊંચાઈ વધારવા માટે રજૂઆતના પરિણામે પ્રથમ વખત ઉંચાઈ વધારવાની મંજૂરી પણ એમના સમયમાં મળી હતી, તથા ધાર્મિક રીતે પણ તેઓ ખૂબ જ સક્રિય હતા. જીવનના અંતિમ તબક્કે પણ તેઓ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા હતા.  તેમણે  ઉમેર્યું કે, સ્વ. કેશુભાઈ પટેલને ગુજરાતમાં જનસંઘથી લઈને  ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા  અને રાજકીય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન  કરનારા  સમર્પિત નેતૃત્વકર્તા ગણાવ્યા હતા. તેમનો  મારા જેવા લાખ્ખો કાર્યકરોના ઘડતરમાં પણ સિંહફાળો રહ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, સ્વ.શ્રી કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કરીને અનેક લોકસેવાનાં કાર્યોથી ભાજપાને અપ્રતિમ  લોકચાહના અપાવી છે. સ્વ. કેશુભાઈના અવસાનથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી છે અને આ ખોટ આપણને સદાય સાલશે. તેમણે સદ્ગત કેશુભાઈના આત્માની પરમ  શાંતિ માટે પ્રાર્થના પણ સૌ વતી કરી હતી.



**આદરણીય શ્રી કેશુભાઈ પટેલે તેમનું આખું જીવન રાષ્ટ્રસેવા અને જનસેવાનાં કાર્યો માટે સમર્પિત કર્યું હતું. ગુજરાતના વિકાસમાં તેમનું યોગદાન સદાય યાદ રહેશે - ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ આગેવાન શ્રી કેશુભાઈ પટેલના નિધન પર શોક વ્યક્ત કરતાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાના વરિષ્ઠ આગેવાન  અને અમારા મોભી એવા પૂર્વમુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના નિધનના સમાચારથી હું અત્યંત દુઃખની લાગણી અનુભવું છું.

આદરણીય શ્રી કેશુભાઈ પટેલે તેમનું આખું જીવન રાષ્ટ્રસેવા અને જનસેવાનાં કાર્યો માટે સમર્પિત કર્યું હતું. ગુજરાતના વિકાસમાં તેમનું યોગદાન સદાય યાદ રહેશે. આદરણીય શ્રી કેશુભાઈના નિધનથી ગુજરાતને પણ મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેમજ તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તે જ પ્રાર્થના.





**સ્વ. કેશુભાઈ પટેલ ખરા અર્થમાં લોકોના નેતા હતા - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના અગ્રણી રાજનેતા શ્રી કેશુભાઈ પટેલના દુઃખદ નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું છે કે, સ્વ. કેશુભાઈ પટેલ ખરા અર્થમાં લોકોના નેતા હતા. ગુજરાતના સર્વાંગી વિકાસમાં તેમનું પ્રદાન ક્યારેય ભૂલી શકાશે નહિ. સ્વ. કેશુભાઈ પટેલે તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રહિતના કાર્ય માટે અર્પણ કર્યું હતું. ગુજરાતનો સર્વાંગી વિકાસ તેમના જીવનનું લક્ષ્ય હતું. સ્વ. કેશુભાઈ પટેલના નિધનથી ગુજરાતના જાહેર જીવનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના નિધનથી પરિવારજનો ઉપર આવી પડેલા અસહ્ય દુઃખને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ પ્રદાન કરે અને સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના પણ વ્યક્ત કરી હતી.




૧૯૮૦માં શ્રી કેશુભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સભ્ય રહ્યા હતા. ૧૯૯૫માં પ્રથમવાર તેઓના નેતૃત્વમાં રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની હતી અને તેઓએ રાજ્યના ૧૦મા મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી હતી. ૧૯૯૮માં કેશુભાઈ બીજીવાર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.

મુખ્યમંત્રી તરીકે રાજ્યના ખેડૂતો અને ગામડાંઓના વિકાસ સાથે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે ઘણી યોજનાઓ અને કાર્યક્રમો કર્યા હતા.

વર્ષ ૨૦૦૧માં આવેલ ભૂકંપ સમયે તેઓએ દ્વારા ગુજરાતને (ખાસ કચ્છ જિલ્લાને) બેઠું કરવા કરેલ કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી હતી. તેઓ વર્ષ ૨૦૦૨માં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.

શ્રી કેશુભાઈ પટેલ હાલમાં શ્રી સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા હતા. તેઓએ રાજકારણ અને સામાજિક ક્ષેત્રના દરેક તબક્કે લોકસેવાને જ પ્રાધાન્ય આપ્યું હતું. તેઓની રાજકીય કારકિર્દી સમગ્ર રાજ્ય માટે ગર્વ સમાન હતી.

જેઓની ચિરવિદાયથી ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનમાં ફેલાયેલી આ શૂન્યતાને પૂરવાનો કોઈ વિકલ્પ નથી તેવા સ્વ. શ્રી કેશુભાઈ પટેલના અવસાન અંગે રાજ્ય મંત્રીમંડળ, ગુજરાતની જનતા અને સરકાર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરે છે. મંત્રીમંડળ આજની બેઠકમાં સ્વ. શ્રી કેશુભાઈ પટેલના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુપ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળી સ્વર્ગસ્થશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે. દિવંગત સ્વ. કેશુભાઈ પટેલના આત્માની પરમશાંતિ માટેની પ્રભુપ્રાર્થના સાથે મંત્રીમંડળે બે મિનિટનું મૌન પાળીને સ્વર્ગસ્થને ભાવાંજલિ અર્પણ કરી હતી.





# તહેવારોમાં આપણે ઘરમાં એક દીવડો ભારત માતાના વીર સૈનિકોના સન્માનમાં પણ પ્રગટાવવાનો છે

**કોરોનાના આ સંકટકાળમાં આપણે સંયમથી જ કામ લેવાનું છે, મર્યાદામાં જ રહેવાનું છે**

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. આજે વિજયાદશમી એટલે કે દશેરાનું પર્વ છે. આ પાવન અવસરે આપ સૌને અનેક અનેક શુભેચ્છા... દશેરાનું આ પર્વ અસત્ય પર સત્યની જીતનું પર્વ છે. પરંતુ સાથે જ, એક રીતે એ સંકટો પર ધૈર્યના વિજયનું પર્વ પણ છે. આજે આપ સૌ ખૂબ સંયમપૂર્વક જીવી રહ્યા છો. મર્યાદામાં રહીને પર્વો, તહેવારો ઊજવી રહ્યા છો, માટે જે લડાઈ આપણે લડી રહ્યા છીએ તેમાં જીત પણ નક્કી છે. પહેલાં, દુર્ગા મંડપોમાં, માનાં દર્શન માટે એટલી ભીડ એકઠી થતી હતી, બિલકુલ મેળા જેવું વાતાવરણ રહેતું હતું. પરંતુ આ વખતે એવું નથી બની શક્યું. પહેલાં, દશેરાએ પણ મોટામોટા મેળા થતા હતા, પરંતુ આ વખતે તેમનું સ્વરૂપ પણ અલગ જ છે. રામલીલાનો તહેવાર પણ, કે જેનું બહુ મોટું આકર્ષણ હતું, પરંતુ તેમાં પણ અંકુશ મુકાયેલા છે. પહેલાં, નવરાત્રીમાં ગુજરાતના ગરબાનો ગુંજારવ ચારે તરફ છવાયેલો રહેતો હતો, આ વખતે બધાં મોટાં મોટાં આયોજન બંધ છે. હજી આગળ પણ કેટલાંય પર્વ આવવાનાં છે. હમણાં જ ઈદ આવશે, શરદપૂર્ણિમા છે, વાલ્મીકિ જયંતી છે. પછી, ધનતેરસ, દિવાળી, ભાઈબીજ, છઠી માતાની પૂજા છે, ગુરુ નાનકદેવજીની જયંતી છે, કોરોનાના આ સંકટકાળમાં આપણે સંયમથી જ કામ લેવાનું છે. મર્યાદામાં જ રહેવાનું છે.

**બજારમાં સામાન ખરીદતી વખતે આપણે સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની છે**

સાથીઓ, આપણે જ્યારે તહેવારની વાત કરીએ છીએ, તે માટેની તૈયારીઓ કરીએ છીએ, ત્યારે સૌથી પહેલાં મનમાં એ જ થાય કે બજારે ક્યારે જવાનું છે ? શું શું ખરીદવાનું છે ? ખાસ કરીને, બાળકોમાં તો એનો વિશેષ ઉત્સાહ હોય છે, તહેવારોમાં આ વખતે નવું શું મળવાનું છે ? તહેવારોના ઉમંગ અને બજારની રોનક એક-બીજા સાથે જોડાયેલાં છે, પરંતુ આ વખતે તમે જ્યારે ખરીદી કરવા જાવ ત્યારે 'વોકલ ફોર લોકલ'નો પોતાનો સંકલ્પ ચોક્કસ યાદ રાખજો. બજારમાં સામાન ખરીદતી વખતે આપણે સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની છે.

**સફાઈ કર્મચારી, ઘરમાં કામ કરનારાં ભાઈઓ-બહેનો, સ્થાનિક શાકભાજીવાળા, દૂધવાળા, ચોકીદાર, આ બધાંને સાથે રાખવાનાં છે. મારો આગ્રહ છે કે જે પણ રીતે શક્ય હોય, તેમને પોતાના આનંદમાં ચોક્કસ સામેલ કરજો. પરિવારના સભ્યની જેમ સામેલ કરજો, પછી તમે જોજો, તમારો આનંદ પણ કેટલો વધી જાય છે**

સાથીઓ, તહેવારોના આ હર્ષોલ્લાસ વચ્ચે આપણે લોકડાઉનના સમયને પણ યાદ કરવો જોઈએ. લોકડાઉનના સમયમાં આપણે સમાજના તે સાથીઓને વધુ નિકટતાથી જાણ્યા છે, કે જેમના વિના આપણું જીવન ખૂબ જ મુશ્કેલ બની જાત. સફાઈ કર્મચારી, ઘરમાં કામ કરનારાં ભાઈઓ-બહેનો, સ્થાનિક શાકભાજીવાળા, દૂધવાળા, ચોકીદાર, આ બધાંની આપણા જીવનમાં શું ભૂમિકા છે તે આપણે સારી રીતે અનુભવ્યું છે. મુશ્કેલ સમયમાં, તેઓ આપણી સાથે હતા, આપણાં બધાંની સાથે હતાં. હવે, આપણાં પર્વોમાં, આપણા આનંદમાં પણ, આપણે તેમને



સાથે રાખવાનાં છે. મારો આગ્રહ છે કે જે પણ રીતે શક્ય હોય, તેમને પોતાના આનંદમાં ચોક્કસ સામેલ કરજો. પરિવારના સભ્યની જેમ સામેલ કરજો, પછી તમે જોજો, તમારો આનંદ પણ કેટલો વધી જાય છે !...

**આપણે ઘરમાં એક દીવડો ભારત માતાના આ વીર દીકરા-દીકરીઓના સન્માનમાં પણ પ્રગટાવવાનો છે**

સાથીઓ, આપણે આપણા એ ઝાંબાજ વીર સૈનિકોને પણ યાદ રાખવાના છે, જે આ તહેવારોમાં પણ સરહદે અડીખમ ઊભા છે. ભારત માતાની સેવા અને રક્ષણ કરી રહ્યા છે. આપણે તેમને યાદ કરીને જ આપણા તહેવાર ઊજવવાના છે. આપણે ઘરમાં એક દીવડો ભારત માતાના આ વીર દીકરા-દીકરીઓના સન્માનમાં પણ પ્રગટાવવાનો છે. હું, આપણા વીરજવાનોને પણ કહેવા માગું છું કે આપ ભલે સરહદે છો, પરંતુ પૂરો દેશ તમારી સાથે છે. તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. એવી હર કોઈ વ્યક્તિ કે જેમના દીકરા-દીકરીઓ આજે સરહદ પર છે, તે પરિવારોના ત્યાગને પણ હું નમન કરું છું. જે દેશ સાથે જોડાયેલી કોઈ ને કોઈ જવાબદારીના કારણે પોતાના ઘરે નથી, પોતાના પરિવારથી દૂર છે, હું હૃદયથી તેમનો આભાર વ્યક્ત કરું છું.


**આપણી કેટલીયે લોકલ ચીજવસ્તુઓમાં ગ્લોબલ બનવાની બહુ મોટી શક્તિ છે**

મારા વ્હાલા દેશવાસીઓ, આજે જયારે આપણે લોકલ માટે વોકલ બની રહ્યા છીએ તો દુનિયા પણ આપણી લોકલ ચીજવસ્તુઓની ચાહક બની રહી છે. આપણી કેટલીયે લોકલ ચીજવસ્તુઓમાં ગ્લોબલ બનવાની બહુ મોટી શક્તિ છે. જેમ કે એક ઉદાહરણ છે - ખાદીનું. દીર્ઘકાળ સુધી ખાદી, સાદાઈની ઓળખ રહી છે, પરંતુ આપણી ખાદી આજે પર્યાવરણ અનુરૂપ કાપડના રૂપમાં ઓળખાવા લાગી છે. આરોગ્યની દૃષ્ટિએ તે શરીરને સાનુકૂળ કાપડ છે. બારમાસી કાપડ છે. અને આજે ખાદી ફેશનની અભિવ્યક્તિ, ફેશન સ્ટેટમેન્ટ તો બની જ રહી છે. ખાદીની લોકપ્રિયતા તો વધી જ રહી છે, સાથે જ, દુનિયામાં અનેક જગ્યાએ, ખાદી બનાવાઈ પણ રહી છે, મેક્સિકોમાં એક સ્થળ છે 'ઓહાકા', આ વિસ્તારમાં કેટલાંય ગામ એવાં છે, જયાં સ્થાનિક ગ્રામજનો ખાદી વણવાનું કામ કરે છે. આજે ત્યાંની ખાદી 'ઓહાકા ખાદી'ના નામથી વિખ્યાત બની ચૂકી છે. ઓહાકામાં ખાદી કેવી રીતે પહોંચી તે પણ ઓછું રસપ્રદ નથી. હકીકતમાં મેક્સિકોના એક યુવાન, માર્ક બ્રાઉને એક વાર મહાત્મા ગાંધી પર એક ફિલ્મ જોઈ. બ્રાઉન આ ફિલ્મ જોઈને બાપુથી એટલા પ્રભાવિત થયા કે તેઓ ભારતમાં બાપુના આશ્રમે આવ્યા અને બાપુ વિષે ઊંડાણથી જાણ્યું-સમજ્યું. બ્રાઉનને ત્યારે અહેસાસ થયો કે ખાદી માત્ર એક કપડું નથી, પરંતુ એ તો એક પૂરી જીવન જીવવાની રીત છે. ગ્રામીણ અર્થતંત્ર અને આત્મનિર્ભરતાનું દર્શન તેની સાથે કેવી રીતે જોડાયેલું છે તે જાણી બ્રાઉન તેનાથી ખૂબ પ્રભાવિત થયા. અહીંથી જ બ્રાઉને નક્કી કર્યું કે મેક્સિકો જઈને તેઓ ખાદીનું કામ શરૂ કરશે. તેમણે મેક્સિકોના ઓહાકામાં ગ્રામજનોને ખાદીનું કામ શીખવ્યું, તેમને તાલીમ આપી, અને આજે ઓહાકા ખાદી એક બ્રાન્ડ બની ગઈ છે. આ પ્રોજેક્ટની વેબસાઈટ પર લખ્યું છે The Symbol of Dharma in motion 'ગતિમાન ધર્મનું પ્રતીક'. આ વેબસાઈટ પર માર્ક બ્રાઉનનો ખૂબ રસપ્રદ ઈન્ટરવ્યુ પણ મળશે. તેઓ કહે છે કે શરૂમાં લોકોને ખાદીમાં શંકા હતી. પરંતુ છેવટે તેમાં લોકોની રુચી વધી અને તેનું બજાર તૈયાર થઈ ગયું. તેઓ કહે છે, આ રામરાજ્ય સાથે જોડાયેલી બાબતો છે, જયારે તમે લોકોની જરૂરિયાતો પૂરી કરો છો, તો પછી લોકો પણ તમારી સાથે જોડાતા જાય છે.

સાથીઓ, દિલ્હીના કોનોટ પ્લેસના ખાદીભંડારમાં આ વખતે ગાંધી જયંતીએ એક જ દિવસમાં એક કરોડ રૂપિયાથી વધુની ખરીદી થઈ. એ જ રીતે કોરોનાકાળમાં ખાદીના માસ્ક પણ ખૂબ લોકપ્રિય બની રહ્યા છે. આખા દેશમાં કેટલાંય સ્થળે સ્વસહાય જૂથો અને બીજી સંસ્થાઓ ખાદીના માસ્ક બનાવી રહ્યા છે. ઉત્તરપ્રદેશના બારાબંકીમાં એક મહિલા છે - સુમનદેવીજી. સુમનજીએ સ્વસહાય જૂથની પોતાની સાથી મહિલાઓ સાથે મળીને ખાદીના માસ્ક બનાવવાનું શરૂ કર્યું. ધીરે ધીરે અન્ય મહિલાઓ પણ તેમની સાથે જોડાતી ગઈ. હવે તેઓ બધાં મળીને ખાદીનાં હજારો માસ્ક બનાવી રહ્યાં છે. આપણી સ્થાનિક ચીજોની ખૂબી છે કે તેની સાથે મોટાભાગે એક આખું દર્શન જોડાયેલું હોય છે.

**આપણા અધ્યાત્મે, યોગે, આયુર્વેદે પૂરી દુનિયાને આકર્ષિત કરી છે**

મારા વ્હાલા દેશવાસીઓ, આપણને જયારે પોતાની ચીજવસ્તુઓ પર ગર્વ થાય છે, તો દુનિયામાં પણ તેના પ્રત્યેની જિજ્ઞાસા વધી જાય છે.



જેવી રીતે આપણા અધ્યાત્મે, યોગે, આયુર્વેદે પૂરી દુનિયાને આકર્ષિત કરી છે. આપણી કેટલીયે રમતો પણ દુનિયાને આકર્ષિત કરી રહી છે. આજકાલ આપણું મલખમ પણ અનેક દેશોમાં પ્રચલિત થઈ રહ્યું છે. અમેરિકામાં ચિન્મય પાટણકર અને પ્રજ્ઞા પાટણકરે જયારે પોતાના ઘરેથી જ મલખમ શીખવવાનું શરૂ કર્યું હતું, ત્યારે એમણે પણ ધાર્યું નહોતું કે તેને આટલી સફળતા મળશે. અમેરિકામાં આજે કેટલાંય સ્થળોએ મલખમ તાલીમ-કેન્દ્રો ચાલી રહ્યાં છે. અમેરિકાના યુવાનો મોટી સંખ્યામાં તેની સાથે જોડાઈ રહ્યા છે, મલખમ શીખી રહ્યા છે. આજે જર્મની હોય, પોલેન્ડ હોય, મલેશિયા હોય, એવા લગભગ ૨૦ અન્ય દેશોમાં પણ મલખમ ખૂબ જાણીતું બની રહ્યું છે. હવે તો તેની વિશ્વસ્પર્ધા શરૂ કરાઈ છે, જેમાં કેટલાય દેશોના હરીફો ભાગ લે છે. ભારતમાં તો પ્રાચીનકાળથી એવી કેટલીયે રમતો રહી છે જે આપણી અંદર, એક અસાધારણ વિકાસ કરે છે. આપણા મન, શરીર સંતુલનને એક નવા આયામ પર લઈ જાય છે. પરંતુ બની શકે કે નવી પેઢીના આપણા યુવા સાથીઓ મલખમથી એટલા પરિચિત નહીં હોય. તમે એને ઈન્ટરનેટ પર ચોક્કસ સર્ચ કરજો અને જોજો.

## પોતાની જાતને હંમેશાં પડકારો ફેંકતા રહો

સાથીઓ, આપણા દેશમાં કેટલાય પ્રકારની માર્શલ આર્ટ છે. હું ઈચ્છું છું કે આપણા યુવા સાથીઓ તેના વિશે પણ જાણે, તે શીખે અને સમય અનુસાર તેમાં નવીનતા પણ લાવે. જીવનમાં જયારે મોટા પડકારો નથી હોતા, ત્યારે વ્યક્તિત્વનું સર્વશ્રેષ્ઠ પણ બહાર નીકળીને નથી આવતું. એટલા માટે પોતાની જાતને હંમેશાં પડકારો ફેંકતા રહો.

## શીખવું એ વૃદ્ધિ પામવું છે

મારા વ્હાલા દેશવાસીઓ, કહેવાય છે કે Learning is Growing - શીખવું એ વૃદ્ધિ પામવું છે. આજે મન કી બાતમાં હું આપનો પરિચય એક એવી વ્યક્તિ સાથે કરાવીશ જેમનામાં એક અનોખું ઝનૂન છે. આ ઝનૂન છે બીજા સાથે વાંચન અને શીખવાના આનંદને વહેંચવાનું. તે છે પોન મરિયપ્પન. પોન મરિયપ્પન તમિલનાડુના તુતુકુડીમાં રહે છે. તુતુકુડીને પર્લ સિટી એટલે કે મોતીઓના શહેરના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. એક સમયે તે પાંડિયન સામ્રાજયનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. ત્યાં રહેતાં મારા દોસ્ત પોન મરિયપ્પન વાળ કાપવાના વ્યવસાય સાથે જોડાયેલા છે અને એક સલૂન ચલાવે છે. બહુ નાનું એવું સલૂન છે. તેમણે એક અનોખું અને પ્રેરણાદાયક કામ કર્યું છે. પોતાના સલૂનના એક ભાગને જ પુસ્તકાલય બનાવી દીધું છે. જો કોઈ વ્યક્તિ સલૂનમાં પોતાના વારાની રાહ જોતી વખતે ત્યાં કંઈક વાંચે છે અને જે વાંચ્યું છે તેના વિશે થોડું લખે છે, તો પોન મરિયપ્પનજી તે ગ્રાહકને વળતર આપે છે. છે ને મજેદાર!! આવો, તુતુકુડી જઈએ અને પોન મરિયપ્પનજી સાથે વાત કરીએ.

પ્રધાનમંત્રી : પોન મરિયપ્પનજી. વણક્કમ.. નલ્લા ઈર કિંગડા ? કેમ છો?

પોન મરિયપ્પન : માનનીય પ્રધાનમંત્રીજી, વણક્કમ..

પ્રધાનમંત્રી : વણક્કમ, વણક્કમ.. ઉન્ગલકકે ઈન્દ લાઈબ્રેરી આઈડિયા, યેપ્પડી વન્દદા ? આપને પુસ્તકાલયનો આ જે વિચાર છે, તે કેવી રીતે આવ્યો ?

પોન મરિયપ્પન : માનનીય પ્રધાનમંત્રીજી, હું આઠમા ધોરણ સુધી ભણેલો છું. તેનાથી આગળ મારી કૌટુંબિક પરિસ્થિતિના લીધે હું મારું ભણવાનું આગળ વધારી ના શક્યો, હું જયારે ભણેલા-ગણેલા લોકોને જોતો, ત્યારે મારા મનમાં એક ઊણપ અનુભવાઈ રહી હતી. એટલે મારા મનમાં થયું કે કેમ આપણે એક પુસ્તકાલય ના બનાવી દઈએ ? અને તેનાથી ઘણ બધા લોકોને તેનો લાભ થશે. આ જ વાત મારા માટે એક પ્રેરણા બની.

પ્રધાનમંત્રી : ઉન્ગલક્કે યેન્દ પુત્તહમ પિડિક્કુમ ? તમને કયું પુસ્તક ખૂબ ગમે છે ?

પોન મરિયપ્પન : મને તિરુકુરૂલ બહુ પ્રિય છે.

પ્રધાનમંત્રી : ઉન્ગકિટ્ટ પેસિયાદિલ – યેનકક. રોમ્બા મગિલચી નલવાડ તુક્કલ. તમારી સાથે વાત કરવામાં મને ખૂબ આનંદ થયો. તમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

પોન મરિયપ્પન : હું પણ માનનીય પ્રધાનમંત્રીજી સાથે વાત કરતાં અતિ આનંદ અનુભવ કરી રહ્યો છું.

પ્રધાનમંત્રી : નલવાડ તુક્કલ. ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

પોન મરિયપ્પન : ધન્યવાદ પ્રધાનમંત્રીજી.

પ્રધાનમંત્રી : તમારો આભાર.

આપણે હમણાં જ પોન મરિયપ્પનજી સાથે વાત કરી. જુઓ, કેવી રીતે તેઓ લોકોનું કેશકર્તન તો



કરે છે જ, તેમને પોતાનું જીવન સુધારવાની તક પણ આપે છે. થિરૂકુરલની લોકપ્રિયતા વિશે સાંભળીને બહુ સારું લાગ્યું, થિરૂકુરલની લોકપ્રિયતા વિશે આપ સૌએ પણ સાંભળ્યું. આજે હિંદુસ્તાનની તમામ ભાષાઓમાં થિરૂકુરલ ઉપલબ્ધ છે. જો તક મળે તો જરૂર વાંચવું જોઈએ. જીવન માટે તે એક પ્રકારે માર્ગદર્શક છે.

**સમગ્ર ભારતમાં અનેક લોકો એવા છે જેમને જ્ઞાનનો પ્રસાર કરવાથી અપાર આનંદ મળે છે**

સાથીઓ, તમને એ જાણીને આનંદ થશે કે સમગ્ર ભારતમાં અનેક લોકો એવા છે જેમને જ્ઞાનનો પ્રસાર કરવાથી અપાર આનંદ મળે છે, આ એવા લોકો છે જે હંમેશા એ બાબતે તત્પર રહે છે કે દરેક જણ ભણવા માટે પ્રેરિત થાય. મધ્યપ્રદેશના સિંગરૌલીનાં શિક્ષિકા – ઉષા દુબેજીએ તો 'સ્કૂટી'ને જ હરતાફરતા પુસ્તકાલયમાં ફેરવી નાખ્યું છે. તેઓ દરરોજ પોતાના હરતા-ફરતા પુસ્તકાલય સાથે કોઈ ને કોઈ ગામમાં પહોંચી જાય છે અને ત્યાં બાળકોને ભણાવે છે. બાળકો તેમને પ્રેમથી ચોપડીઓવાળાં દીદી કહીને બોલાવે છે. આ વર્ષે ઓગસ્ટમાં અરૂણાચલ પ્રદેશમાં નિરજૂલીના 'રેયો' ગામમાં એક સ્વસહાય પુસ્તકાલય બનાવવામાં આવ્યું છે. બન્યું એવું કે ત્યાંની મીના ગુરુંગ અને દિવાંગ હોસાઇને જ્યારે જાણવા મળ્યું કે ગામમાં કોઈ પુસ્તકાલય નથી તો તેમણે તેનું ભંડોળ ઊભું કરવા હાથ લંબાવ્યા. તમને એ જાણીને અચરજ થશે કે આ પુસ્તકાલય માટે સભ્યપદની કોઈ આવશ્યકતા જ નથી. કોઈ પણ વ્યક્તિ બે અઠવાડિયાં માટે પુસ્તક લઈ જઈ શકે છે. વાંચ્યા પછી તે પરત આપવાનું હોય છે. આ પુસ્તકાલય સાતેય દિવસ, ચોવીસેય કલાક ખુલ્લું રહે છે. આસપાસના વાલીઓ આ જોઈને ઘણા ખુશ છે કે, એમનાં બાળકો પુસ્તક વાંચવામાં વ્યસ્ત છે. ખાસ કરીને એવા સમયે કે જ્યારે શાળાઓએ પણ ઓનલાઈન વર્ગો શરૂ કરી દીધા છે. તે જ રીતે ચંડીગઢમાં એક સ્વૈચ્છિક સંસ્થા ચલાવતા સંદીપ કુમારજીએ એક મીની વેનમાં હરતુંફરતું પુસ્તકાલય બનાવ્યું છે. તેના દ્વારા ગરીબ બાળકોને વાંચવા માટે મફત પુસ્તકો આપવામાં આવે છે. તેની સાથે જ ગુજરાતના ભાવનગરની પણ બે સંસ્થાઓ વિશે હું જાણું છું જે ખૂબ સુંદર કામ કરી રહી છે. તેમાંથી એક છે 'વિકાસ વર્તુળ ટ્રસ્ટ'. આ સંસ્થા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાનાર વિદ્યાર્થીઓ માટે ખૂબ મદદરૂપ છે. આ ટ્રસ્ટ ૧૯૭૫થી કામ કરી રહ્યું છે અને તે ૫ હજાર પુસ્તકોની સાથે ૧૪૦થી વધુ સામયિક ઉપલબ્ધ કરાવે છે. એવી જ એક સંસ્થા 'પુસ્તક પરબ' છે. આ નવીનતાસભર યોજના છે જે સાહિત્યનાં પુસ્તકોની સાથે જ બીજાં પુસ્તકો પણ મફત ઉપલબ્ધ કરાવે છે. આ પુસ્તકાલયમાં આધ્યાત્મિક, આયુર્વેદિક ઉપચાર, અને કેટલાયે અન્ય વિષયોને લગતાં પુસ્તકો પણ સામેલ છે. આપને જો આવા પ્રકારના પ્રયાસો વિષે કંઈ પણ જાણ હોય તો મારો આગ્રહ છે કે તમે તેને સોશિયલ મીડિયા પર જરૂર શેર કરજો. આ ઉદાહરણો પુસ્તક વાંચવા કે પુસ્તકાલય ખોલવા પૂરતાં મર્યાદિત નથી. બલ્કે એ નવા ભારતની તે ભાવનાનું પણ પ્રતીક છે જેમાં સમાજના વિકાસ માટે દરેક ક્ષેત્ર અને દરેક વર્ગના લોકો નવી-નવી અને ઈનોવેટિવ રીતો અપનાવી રહ્યા છે.


ગીતામાં કહેવામાં આવ્યું છે –

ન હિ જ્ઞાનેન સદશં પવિત્રમ્
ઇહ વિદ્યતે.

અર્થાત્ જ્ઞાન સમાન, સંસારમાં કશું પણ પવિત્ર નથી. જ્ઞાનનો પ્રસાર કરનારા, આવા ઉમદા પ્રયાસ કરનારા, બધા મહાનુભાવોને હું દિલથી અભિનંદન આપું છું.

**પરિસ્થિતિ ગમે તેટલી વિષમ કેમ ના હોય, પોતાની રમૂજવૃત્તિને જીવતી રાખો**

મારા વ્હાલા દેશવાસીઓ, થોડાક જ દિવસો પછી સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મજયંતી, ૩૧ ઓક્ટોબરને આપણે સૌ, રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવીશું. 'મન કી બાત'માં આપણે અગાઉ પણ સરદાર પટેલ વિષે વિસ્તારપૂર્વક વાત કરી છે. આપણે તેમનાં વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંય પાસાં વિષે ચર્ચા કરી છે. બહુ ઓછા લોકો મળશે જેમના વ્યક્તિત્વમાં એક સાથે કેટલાય ગુણો હાજર હોય. વૈચારિક ઊંડાણ, નૈતિક સાહસ, રાજનૈતિક વિલક્ષણતા, કૃષિ ક્ષેત્રનું ઊંડું જ્ઞાન અને રાષ્ટ્રીય એકતા પ્રત્યે સમર્પણભાવ. શું તમે સરદાર પટેલ વિશેની એ વાત જાણો છો જે તેમની રમૂજવૃત્તિ દર્શાવતી હોય. તે લોહપુરુષની છબીની જરા કલ્પના કરો કે જે રાજા-રજવાડાં સાથે મંત્રણા કરી રહ્યા હતા, પૂજ્ય બાપુના લોક-આંદોલનનું વ્યવસ્થાપન કરી રહ્યા હતા, સાથોસાથ અંગ્રેજો સામે લડાઈ પણ લડી રહ્યા હતા. અને આ બધાં વચ્ચે પણ તેમની રમૂજવૃત્તિ પૂરા રંગમાં રહેતી હતી. બાપુએ સરદાર પટેલ વિશે કહ્યું હતું – તેમની



વિનોદપૂર્ણ વાતો મને એટલું હસાવતી હતી કે હસતાં હસતાં પેટમાં આંટી પડી જતી હતી. આવું દિવસમાં એકાદ વાર નહીં, કેટલીયે વાર થતું હતું. આમાં આપણા માટે પણ એક શીખ છે, પરિસ્થિતિ ગમે તેટલી વિષમ કેમ ના હોય, પોતાની રમૂજવૃત્તિને જીવતી રાખો. તે આપણને સહજ તો રાખશે જ, આપણે પોતાની સમસ્યાનો ઉકેલ પણ કાઢી શકીશું. સરદાર સાહેબે આ જ તો કર્યું હતું.

મારા પ્યારા દેશવાસીઓ, સરદાર પટેલે પોતાનું પૂરું જીવન દેશની એકતા માટે સમર્પિત કરી દીધું. તેમણે ભારતીય જનમાનસને સ્વતંત્રતા આંદોલન સાથે જોડ્યું. તેમણે સ્વતંત્રતાની સાથે ખેડૂતોના મુદ્દાઓને પણ જોડવાનું કામ કર્યું. તેમણે રાજા-રજવાડાંઓને આપણા રાષ્ટ્રની સાથે એક કરવાનું કામ કર્યું.વિવિધતામાં એકતાના મંત્રને તેઓ દરેક ભારતીયના મનમાં જગાડી રહ્યા હતા.

**કેરળમાં જન્મેલા પૂજ્ય આદિ શંકરાચાર્યજીએ ભારતની ચારે દિશાઓમાં ચાર મહત્ત્વપૂર્ણ મઠોની સ્થાપના કરી**

સાથીઓ, આજે આપણે પોતાની વાણી, પોતાનો વ્યવહાર, પોતાના કર્મથી તે તમામ બાબતોને આગળ વધારવાની છે જે આપણને એક કરે. જે દેશના એક ભાગમાં રહેતા નાગરિકના મનમાં, બીજા ખૂણામાં રહેતા નાગરિક માટે સહજતા અને પોતાપણાનો ભાવ પેદા કરી શકે. આપણા પૂર્વજોએ સદીઓથી આવા પ્રયાસ નિરંતર કર્યા છે. હવે જુઓ, કેરળમાં જન્મેલા પૂજ્ય આદિ શંકરાચાર્યજીએ ભારતની ચારે દિશાઓમાં ચાર મહત્ત્વપૂર્ણ મઠોની સ્થાપના કરી, ઉત્તરમાં બદ્રિકાશ્રમ, પૂર્વમાં પુરી, દક્ષિણમાં શ્રૃંગેરી અને પશ્ચિમમાં દ્વારકા. તેમણે શ્રીનગરની યાત્રા પણ કરી, એ જ કારણ છે કે ત્યાં એક 'શંકરાચાર્ય હિલ' છે. તીર્થાટન પોતે જ ભારતને એક તાંતણે બાંધે છે. જ્યોતિર્લિંગો અને શક્તિપીઠોની શ્રૃંખલા ભારતને એક તાંતણે બાંધે છે. ત્રિપુરાથી લઈને ગુજરાત સુધી, જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડુ સુધી સ્થપાયેલાં આપણા શ્રદ્ધાનાં કેન્દ્રો આપણને 'એક' કરે છે. ભક્તિ આંદોલન સમગ્ર ભારતમાં એક મોટું લોકઆંદોલન બની ગયું, જેણે આપણને ભક્તિના માધ્યમથી એકસંપ કર્યા. આપણા રોજિંદા જીવનમાં પણ આ બાબતો કેવીક તો ઓગળી ગઈ છે, જેમાં એકતાની તાકાત છે. દરેક અનુષ્ઠાન પહેલાં વિભિન્ન નદીઓનું આહ્‌વાન કરવામાં આવે છે, જેમાં છેક ઉત્તરમાં સ્થિત સિંધુ નદીથી લઈને દક્ષિણ ભારતની જીવનદાયીની કાવેરી નદી સુધી સામેલ છે. મોટેભાગે આપણે ત્યાં લોકો કહે છે, સ્નાન કરતી વખતે પવિત્ર ભાવથી એકતાનો મંત્ર બોલે છે—

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતિ
નર્મદે સિન્ધુ કાવેરી,
જલેડસ્મિન સન્નિધિમ્ કુરૂ..

આ જ રીતે શીખોનાં પવિત્ર સ્થળોમાં 'નાંદેડ સાહિબ' અને 'પટના સાહિબ' ગુરુદ્વારા સામેલ છે. આપણા શીખ ગુરુઓએ પણ પોતાના જીવન અને સત્કાર્યોના માધ્યમથી એકતાની ભાવનાને પ્રગાઢ બનાવી છે. ગઈ શતાબ્દીમાં આપણા દેશમાં ડૉકટર બાબાસાહેબ આંબેડકર જેવી મહાન વિભૂતિઓ થઈ છે, જેમણે આપણને સૌને બંધારણના માધ્યમથી એકસંપ કર્યા.

**એકતા શક્તિ છે, એકતા મજબૂતાઈ છે**

સાથીઓ, Unity is power, Unity is Strength. એકતા શક્તિ છે, એકતા મજબૂતાઈ છે. Unity is Progress, Unity is empowerment. એકતા પ્રગતિ છે, એકતા સશક્તિકરણ છે. United we will scale new heights. એક રહીને જ આપણે નવી ઊંચાઈઓ સર કરીશું.

જો કે, એવી શક્તિઓ પણ હાજર હોય છે, જે સતત આપણા મનમાં શંકાનાં બીજ વાવવાની કોશિશ કરતી રહે છે, દેશને વહેંચવાનો પ્રયાસ કરે છે. દેશે પણ દર વખતે આ બદ-ઈરાદાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. આપણે સતત પોતાની સર્જનાત્મકતાથી, પ્રેમથી, હરપળ પ્રયાસપૂર્વક પોતાના નાનામાં નાનાં કામોમાં, 'એક ભારત – શ્રેષ્ઠ ભારત'ના સુંદર રંગોને સામે લાવવાના છે, એકતાના નવા રંગો પૂરવાના છે, અને દરેક નાગરિકે પૂરવાના છે. આ સંદર્ભમાં હું આપ સૌને એક વેબસાઈટ જોવાનો આગ્રહ કરું છું. 'એક ભારત ડોટ ગોવ ડોટ ઈન ' - તેમાં રાષ્ટ્રીય અખંડિતતાની આપણી ઝુંબેશને આગળ વધારવાના અનેક પ્રયાસ જોવા મળશે. એનો એક રસપ્રદ કોર્નર છે - 'આજ કા વાક્ય'. આ વિભાગમાં આપણે દરરોજ એક વાક્યને અલગ અલગ ભાષાઓમાં કેવી રીતે બોલી શકીએ તે શીખી શકીએ છીએ. તમે આ વેબસાઈટમાં યોગદાન પણ કરો. જેમ કે, દરેક રાજ્ય અને સંસ્કૃતિમાં અલગ અલગ ખાનપાન હોય છે. આ વાનગીઓ સ્થાનિક ખાસ ચીજવસ્તુઓ એટલે કે અનાજ અને મસાલા વડે બનાવવામાં



આવે છે. શું આપણે આ સ્થાનિક ખાદ્યચીજની બનાવવાની રીત – રેસીપીને તેનાં ઘટકોનાં સ્થાનિક નામો સાથે 'એક ભારત – શ્રેષ્ઠ ભારત' વેબસાઈટ પર શેર કરી શકીએ ? Unity અને Immunity એકતા અને રોગપ્રતિકારક ક્ષમતા વધારવા માટે આનાથી વધુ સારી રીત બીજી કઈ હોઈ શકે?


**આ ઇચ્છાશક્તિ જ છે જે કેટલાય યુવાનોને અસાધારણ કાર્ય કરવાની તાકાત આપે છે**


મારા વ્હાલા દેશવાસીઓ, ૩૧ ઓકટોબરે આપણે વાલ્મીકિ જયંતી પણ ઊજવીશું. મહર્ષિ વાલ્મીકિને હું નમન કરું છું અને આ ખાસ પ્રસંગ માટે દેશવાસીઓને હાર્દિક શુભેચ્છા પાઠવું છું. મહર્ષિ વાલ્મીકિના મહાન વિચારો કરોડો લોકોને પ્રેરિત કરે છે, બળ આપે છે. લાખો-કરોડો ગરીબો અને દલિતો માટે તેઓ બહુ મોટી આશા છે. તેમની અંદર આશા અને વિશ્વાસનો સંચાર કરે છે. તેઓ કહે છે – કોઈ પણ મનુષ્યની ઈચ્છાશક્તિ જો તેની સાથે હોય, તો તે કોઈપણ કામ બહુ સરળતાથી કરી શકે છે. આ ઈચ્છાશક્તિ જ છે જે કેટલાય યુવાનોને અસાધારણ કાર્ય કરવાની તાકાત આપે છે. મહર્ષિ વાલ્મીકિએ હકારાત્મક વિચારસરણી પર ભાર મૂક્યો. તેમના માટે સેવા અને માનવીય ગૌરવનું સ્થાન સર્વોપરી છે. મહર્ષિ વાલ્મીકિના આચાર, વિચાર અને આદર્શ આજે 'ન્યૂ ઈન્ડિયા' ના આપણા સંકલ્પ માટે પ્રેરણા પણ છે અને દિશા-સૂચન પણ છે. ભાવિ પેઢીઓના માર્ગદર્શન માટે રામાયણ જેવા મહાગ્રંથની તેમણે રચના કરી તે માટે આપણે મહર્ષિ વાલ્મીકિના સદાય ઋણી રહીશું.

**કાશ્મીર ખીણ, આખા દેશની લગભગ ૯૦ ટકા પેન્સિલ સ્લેટની - લાકડાની પટ્ટીની માગ પૂરી કરે છે**

મારા વ્હાલા દેશવાસીઓ, કાશ્મીરનું પુલવામા આજે પૂરા દેશને ભણાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. સમગ્ર દેશમાં બાળકો આજે પોતાનું Home Work ઘરકામ કરે છે, નોટ્સ બનાવે છે ત્યારે ક્યાંક ને ક્યાંક તેની પાછળ પુલવામાના લોકોની સખત મહેનત પણ છે. કાશ્મીર ખીણ, આખા દેશની લગભગ ૯૦ ટકા પેન્સિલ સ્લેટની- લાકડાની પટ્ટીની માગ પૂરી કરે છે. અને તેમાં બહુ મોટી ભાગીદારી પુલવામાની છે. એક સમયે આપણે વિદેશમાંથી પેન્સિલ માટે લાકડું મંગાવતા હતા. પરંતુ હવે આ ક્ષેત્રમાં આપણું પુલવામા દેશને આત્મનિર્ભર બનાવી રહ્યું છે. હકીકતમાં પુલવામાની આ પેન્સિલ સ્લેટ્સ રાજયો વચ્ચેનું અંતર ઓછું કરી રહી છે. ખીણના ચીનારનું લાકડું ભેજના વધુ પ્રમાણવાળું અને પોચું હોય છે. જે તેને પેન્સિલના ઉત્પાદન માટે સૌથી અનુકૂળ બનાવે છે. પુલવામામાં ઉક્ખૂને પેન્સિલ વિલેજના નામથી ઓળખવામાં આવે છે. અહીં પેન્સિલ સ્લેટના ઉત્પાદનના કેટલાય એકમો છે. જે રોજગાર પૂરો પાડી રહ્યા છે. અને તેમાં સારી એવી સંખ્યામાં મહિલાઓ કામ કરે છે.

સાથીઓ, પુલવામાની પોતાની આ ઓળખ ત્યારે સ્થાપિત થઈ છે, જયારે ત્યાંના લોકોએ કંઈક નવું કરવાનો નિર્ધાર કર્યો, કામની બાબતમાં જોખમ ઉઠાવ્યું અને પોતાની જાતને તેના પ્રત્યે સમર્પિત કરી દીધી. આવા જ કર્મઠ લોકોમાંના એક છે – મંજૂર અહમદ અલાઈ. મંજૂરભાઈ પહેલાં લાકડા કાપનારા એક સામાન્ય મજૂર હતા. મજૂરભાઈ કંઈક નવું કરવા ઈચ્છતા હતા જેથી એમની આવનારી પેઢીઓ ગરીબીમાં ના જીવે. તેમણે પોતાની વારસાગત જમીન વેચી નાખી અને એપલ વૂડન બોક્સ એટલે કે સફરજન ભરવાની લાકડાની પેટીઓ બનાવવાનું એકમ શરૂ કર્યું. તેઓ પોતાના નાનકડા બિઝનેસમાં લાગેલા હતા. ત્યારે મંજૂરભાઈને કયાંકથી ખબર પડી કે પેન્સિલના ઉત્પાદનમાં Poplar Wood એટલે કે ચિનારના લાકડાનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ જાણકારી મળ્યા પછી મંજૂરભાઈએ પોતાની ઉદ્યોગસાહસિકતાનો પરિચય આપતાં કેટલાક વિખ્યાત પેન્સિલ ઉત્પાદન એકમોને poplar wood પૂરું પાડવાનું શરૂ કર્યું. મંજૂરજીને આ ખૂબ ફાયદાકારક લાગ્યું અને તેમની આવક પણ સારી એવી વધવા લાગી. સમય વીતતાં તેમણે પેન્સિલ સ્લેટ ઉત્પાદનની મશીનરી લઈ લીધી અને ત્યાર પછી તેમણે દેશની મોટીમોટી કંપનીઓને પેન્સિલ સ્લેટ પૂરી પાડવાનું શરૂ કરી દીધું. આજે મંજૂરભાઈના આ બિઝનેસનું ટર્નઓવર કરોડોમાં છે અને તેઓ લગભગ બસો લોકોને આજીવિકા પણ પૂરી પાડી રહ્યા છે. આજે મન કી બાતના માધ્યમથી બધા દેશવાસીઓ તરફથી હું મંજૂરભાઈ સહિત પુલવામાંનાં મહેનતુ ભાઈઓ-બહેનોની અને તેમના પરિવારજનોની પ્રશંસા કરું છું. આપ સૌ દેશના young minds ને શિક્ષિત કરવા માટે પોતાનું કીમતી યોગદાન આપી રહ્યાં છો.





**કૃષિ ક્ષેત્રમાં નવી સંભાવનાઓ ઊભી થતી જોઈ આપણા યુવાનો પણ સારી એવી સંખ્યામાં તેમાં જોડાઈ રહ્યા છે**

મારા પ્યારા દેશવાસીઓ, લોકડાઉન દરમ્યાન ટેક્નોલોજી આધારિત સેવા પૂરી પાડવાના અનેક પ્રયોગ આપણા દેશમાં થયા છે. અને હવે એવું નથી રહ્યું કે બહુ મોટી ટેક્નોલોજી અને માલ પરિવહન કંપનીઓ જ આ કરી શકે છે. ઝારખંડમાં આ કામ મહિલાઓના સ્વસહાય જૂથે કરી બતાવ્યું છે. આ મહિલાઓએ ખેડૂતોના ખેતરમાંથી શાકભાજી અને ફળ લીધાં અને સીધાં જ ઘરો સુધી પહોંચાડ્યાં. આ મહિલાઓએ ‘આજીવિકા ફાર્મ ફ્રેશ’ નામની એક એપ બનાવડાવી, જેના દ્વારા લોકો સહેલાઈથી શાકભાજી મંગાવી શકતાં હતાં. આ પૂરા પ્રયાસથી ખેડૂતોને પોતાનાં શાકભાજી અને ફળોના સારા ભાવ મળ્યા અને લોકોને પણ તાજાં શાકભાજી મળતાં રહ્યાં. ત્યાં ‘આજીવિકા ફાર્મ ફ્રેશ’ એપનો વિચાર ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે. લોકડાઉનમાં તેમણે ૫૦ લાખ રૂપિયાથી પણ વધુનાં ફળ અને શાકભાજી લોકો સુધી પહોંચાડ્યાં છે. સાથીઓ, કૃષિ ક્ષેત્રમાં નવી સંભાવનાઓ ઊભી થતી જોઈ, આપણા યુવાનો પણ સારી એવી સંખ્યામાં તેમાં જોડાઈ રહ્યા છે. મધ્યપ્રદેશના બડવાનીમાં અતુલ પાટીદાર પોતાના વિસ્તારના ૪ હજાર ખેડૂતોને ડિજિટલ રૂપે જોડી ચૂકયા છે. આ ખેડૂતો અતુલ પાટીદારના ‘ઇ-પ્લેટફોર્મ ફાર્મકાર્ડ’ દ્વારા ખાતર, બિયારણ, જંતુનાશક, ફૂગનાશક વગેરે ખેતી માટે જરૂરી સામાન ઘરે બેઠાં જ મેળવી રહ્યા છે. એટલે કે ખેડૂતોને ઘર સુધી તેમની જરૂરિયાતની વસ્તુઓ મળી રહી છે. આ ડિજિટલ પ્લેટફોર્મ પર આધુનિક કૃષિ ઉપકરણો પણ ભાડે મળી રહે છે. લોકડાઉનના સમયે પણ આ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી ખેડૂતોને હજારો પેકેટ પહોંચાડવામાં આવ્યાં, જેમાં કપાસ અને શાકભાજીનાં બિયારણ પણ હતાં. અતુલજી અને તેમની ટીમ ખેડૂતોને ટેકનિકની બાબતમાં પણ જાગૃત કરી રહી છે, ઓનલાઇન પેમેન્ટ તથા ખરીદી શીખવી રહી છે.

સાથીઓ, હાલમાં મહારાષ્ટ્રની એક ઘટના પર મારું ધ્યાન ગયું. ત્યાં એક ખેડૂત ઉત્પાદક કંપનીએ મકાઈની ખેતી કરનારા ખેડૂતો પાસેથી મકાઈ ખરીદી. કંપનીએ આ વખતે ખેડૂતોને ભાવ ઉપરાંત બોનસ પણ આપ્યું. ખેડૂતોને પણ એક સુખદ આશ્ચર્ય થયું. જયારે તે કંપનીને પૂછ્યું તો તેણે કહ્યું કે ભારત સરકારે જે નવા કૃષિ કાનૂન બનાવ્યા છે તે અંતર્ગત ખેડૂત પોતાની જણસ ભારતમાં કયાંય પણ વેચી શકે છે, અને તેમને સારા ભાવ મળી રહ્યા છે. એટલે તેમણે વિચાર્યું કે આ વધારાનો નફો ખેડૂતોને પણ વહેંચવો જોઈએ. તેના પર ખેડૂતોનો પણ હક છે, અને તેમણે ખેડૂતોને આ રીતે બોનસ આપ્યું છે, સાથીઓ, અત્યારે આ બોનસ ભલે થોડું હોય, પણ આ શરૂઆત બહુ મોટી છે. તેનાથી આપણને એ ખબર પડે છે કે નવા કૃષિ-કાનૂનથી પાયાના સ્તરે કેવાં પ્રકારનું પરિવર્તન ખેડૂતોના પક્ષમાં આવવાની સંભાવનાઓ ભરેલી છે.

**આપણો દેશ પ્રતિભાશાળી લોકોથી ભરેલો છે**


મારા વ્હાલા દેશવાસીઓ, મન કી બાતમાં આજે દેશવાસીઓની અસાધારણ ઉપલબ્ધિઓ, આપણા દેશ, આપણી સંસ્કૃતિનાં અલગઅલગ પાસાંઓ વિશે આપ સૌ સાથે વાત કરવાની તક મળી. આપણો દેશ પ્રતિભાશાળી લોકોથી ભરેલો છે. જો તમે પણ એવા લોકોને જાણતા હો તો તેમના વિશે વાત કરો, લખો અને તેમની સફળતાઓને શેર કરો. આવનારા તહેવારોના આપને અને આપના પૂરા પરિવારને ખૂબખૂબ અભિનંદન. પરંતુ એક વાત યાદ રાખજો, અને તહેવારોમાં જરા વિશેષ રીતે યાદ રાખજો, કે માસ્ક પહેરવાનો છે, હાથ સાબુથી ધોતા રહેવાનું છે અને બે ગજનું અંતર જાળવી રાખવાનું છે.


સાથીઓ, આવતા મહિને ફરી આપની સાથે મન કી બાત થશે. ખૂબ ખૂબ ધન્યવાદ... !

•










# ગુજરાત સરકારના આગવા સમાચાર

- વીજદરમાં પ્રતિ યુનિટ ૧૯ પૈસાના ઘટાડાની જાહેરાત કરી હતી. રૂપાણી સરકાર હસ્તકની વીજકંપનીઓ દ્વારા ગ્રાહકો પાસેથી વસૂલાતા ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે, જેના પરિણામે રાજ્યના અંદાજે ૧.૪૦ કરોડથી વધુ ગ્રાહકોને ત્રણ મહિનાના રૂપિયા ૩૫૬ કરોડની રાહતોના લાભ મળશે. આ લાભ સીધેસીધો મળતાં તેમના વીજબીલમાં રાહત થશે અને બિલ ઓછું આવશે.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સુરત મહાનગરપાલિકા અને સુડાના રૂા. ૨૦૧.૮૬ કરોડનાં વિકાસકામોનું ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા લોકાર્પણ કર્યું હતું. આગામી સમયમાં મેટ્રો રેલ, રીવરફ્રન્ટ, તાપી શુદ્ધિકરણ, ડ્રિમસિટી, ડાયમંડ સિટી જેવા સુરતના મહત્ત્વના પ્રોજેકટોને આગળ વધારવા માટે સરકાર યુદ્ધના ધોરણે કાર્ય કરી રહી છે. સુરત શહેર લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી બની રહે તે દિશામાં આગળ વધવાની નેમ મુખ્યમંત્રી રૂપાણીએ આ તકે વ્યક્ત કરી હતી.
- રાજ્યના ખેડૂતોને કિસાન સર્વોદય યોજના હેઠળ હવે દિવસે વીજળી અપાશે. પ્રાથમિક તબક્કે દાહોદ, જૂનાગઢ અને ગીર-સોમનાથનાં ૧૦૫૫ ગામડાંમાં દિવસે વીજળી અપાશે. એ પછી તબક્કાવાર ગુજરાતના દરેક ખેડૂતોને દિવસે વીજળી મળે તેવી વ્યવસ્થા કરાશે. આ યોજના હેઠળ રાજ્યના ૧૭.૨૫ લાખ ખેડૂતોને આવરી લેવાશે. હવે આ યોજના હેઠળ સવારે ૫ કલાકથી રાત્રિના ૯ કલાક દરમિયાન વીજળી મળશે.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા નજીક અંખોલ ગામની સીમમાં ૫ લાખ ચોરસ મીટર જમીનમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે સાકાર થનારા મિશન ૨૦૨૬ હેઠળ આયોજિત સરદાર ધામ મધ્ય ગુજરાત પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સમાજ ઉત્કર્ષલક્ષી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહેનાર સરદાર ભવનના નિર્માણ સહિતનાં વિવિધ પ્રયોજનોનો સમાવેશ થાય છે.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ઉમદા નેતૃત્વમાં હવે ગુજરાતમાં ભારતનું સૌપ્રથમ એન્ટિ સાયબર બુલિંગ યુનિટ શરૂ કરાયું છે. કોઈપણ વ્યક્તિને મોબાઈલ, લેપટોપ, કોમ્પ્યુટર કે ઈન્ટરનેટના માધ્યમથી ડરાવવા, ધમકાવવા, મજાક ઉડાવવા, અપમાન કરવા કે ગુસ્સો કરવા માટે ઉપસાવે તેવા મેસેજ કરે તો તેને સાયબર બુલિંગ કહેવામાં આવે છે. મોબાઈલ કે ઈન્ટરનેટ થકી કોઈપણ રીતે તમારી સાથે આ પ્રકારની કનડગત થતી હોય તો ડર્યા વગર હેલ્પલાઈન નંબર ૧૦૦ અને ૧૧૨ (નવા બનેલા જિલ્લા માટે હેલ્પલાઇન) પર ફરિયાદ કરી શકો છો. ત્યાં તમને યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. ઉપરાંત ફોન કરનારની ઓળખને પણ ગુપ્ત રાખી ને સાયબર અપરાધી વિરુદ્ધ કાનૂની કાર્યવાહી થશે.

•



પ્રેરક શાહ

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા શ્રમ કાયદામાં કરવામાં આવેલ ઐતિહાસિક સુધારો**

# સુધારાથી ઉદ્યોગ-ધંધામાં વધારો થવાથી રોજગારના અવસરોમાં પણ વૃદ્ધિ થશે

# બદલાયેલા વૈશ્વિક પ્રવાહમાં આ સુધારા દેશને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે તૈયાર કરશે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં વ્યાપક શ્રમસુધારાનાં પગલાં લીધાં છે. શ્રમસુધારાના ત્રણેય વિધેયકોને સંસદની મંજૂરી મળી ગઈ છે. આ સુધારાના વિધેયકો રાજ્યસભામાં પણ મંજૂર થઈ ગયાં છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે આ વિધેયકોથી આર્થિક વિકાસને ગતિ આપનારા તથા શ્રમિકોની ભલાઈ સુનિશ્ચિત કરવાવાળા તેમજ તેમને અનેક પ્રકારના અધિકાર પ્રાપ્ત થશે. આ સુધારાની જરૂરિયાત લાંબા સમયથી દેશમાં અનુભવાતી હતી. આ સુધારાથી ઉદ્યોગ-ધંધામાં વધારો થવાથી રોજગારના અવસરોમાં પણ વૃદ્ધિ થશે. બદલાયેલા વૈશ્વિક પ્રવાહમાં આ સુધારા દેશને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે તૈયાર કરશે. આ સુધારા મિનિમમ ગવર્નમેન્ટ - મેક્સિમમ ગવર્નન્સનું ઉદાહરણ છે. શ્રમક્ષેત્રમાં સુધારા કરવાની માંગણી દેશમાં અનેક વર્ષોથી ન માત્ર ઉદ્યોગગૃહો પરંતુ શ્રમિક સંગઠનો દ્વારા કરવામાં આવતી હતી. ભારતમાં વ્યવસાય તથા ઉદ્યોગ કરવામાં સરળતા રહે તથા વિદેશી રોકાણ વધુમાં વધુ આકર્ષિત થાય તેના માટે પણ શ્રમિકના કાયદામાં બદલાવ જરૂરી હતો. ભારતમાં શ્રમિકો માટેના અનેક કાયદા કાર્યરત હતા. વિધાનસભા બંને બનાવી શકે છે. હાલમાં ૧૦૦થી વધારે કાયદા રાજ્ય તથા ૪૦ કેન્દ્રીય કાયદા એવા છે કે જેમાં શ્રમિકોને લગતી સમસ્યા જેવી કે સામાજિક સુરક્ષા, મજૂરી તથા કાર્યસ્થિતિને નિયંત્રિત કરે છે. કાયદાની વધારે પડતી સંખ્યા ન માત્ર શ્રમિકો માટે પણ ઉદ્યોગ-ધંધા માટે પણ મુશ્કેલી ઉત્પન્ન કરતી હતી. આને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શ્રમ આયોગ દ્વારા કેન્દ્રીય શ્રમ કાયદાના એકીકરણની ભલામણ કરી હતી. સરકારની યોજના અનુસાર આ ૪૦ શ્રમ કાયદાને ચાર અધિનિયમો જેવા કે મજૂરી, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સંબંધ તથા કાર્યસ્થળ પરની સુરક્ષા તેમજ સ્વાસ્થ્યમાં પરિવર્તિત કરવાની છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃઢ નેતૃત્વના કારણે જ આ કાયદા હવે વાસ્તવિક બન્યા છે. આ કાયદાના કારણે **શ્રમિકોની સામાજિક સુરક્ષા વધશે તથા ઉદ્યોગગૃહોની ઉત્પાદકતામાં પણ વધારો થશે.**

## વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યસ્થિતિ વિધેયક - ૨૦૨૦

ફેક્ટરી, ખાણ, પોર્ટ પર કાર્ય કરવાવાળા મજૂર, પ્રવાસી મજૂર વગેરે પર પહેલેથી જ કાર્યરત ૧૩ કાયદા આ વિધેયકમાં સંમિલિત કરી દીધા છે. આ વિધેયક સિનેમા, રંગમંચ તથા પત્રકારિતાના ક્ષેત્રમાં પણ વિસ્તારિત કર્યું છે. આ કાયદા અનુસાર પરિવારની વ્યાખ્યા પણ વિસ્તારિત કરી છે, જેથી આશ્રિત બા-દાદાનો પણ આમાં સમાવેશ થાય છે. આ વિધેયક મહિલાઓને રાત્રીના સમયમાં કાર્ય કરવાની છૂટ પ્રદાન કરે છે.

## વેતન સંહિતા વિધેયક - ૨૦૧૯

આ વિધેયક વેતનની વ્યાખ્યા સરળ બનાવે છે. આ તમામ કાર્યક્ષેત્રોમાં ન્યૂનતમ મજૂરી તથા સમયસર પગાર/વેતન મળે તેનું પ્રાવધાન કરેલું છે. ન્યૂનતમ મજૂરી વર્તમાનમાં ૪૦% કર્મચારી પર લાગુ કરવાના નિયમને બદલીને ૧૦૦% કર્મચારી પર લાગુ પડશે, જેના કારણે પ્રત્યેક શ્રમિકને ન્યૂનતમ વેતન સુનિશ્ચિત થશે તથા શ્રમિકની ખર્ચ કરવાની શક્તિમાં વૃદ્ધિ થવાથી અર્થવ્યવસ્થાને પણ ગતિ મળશે. આ કાયદો દરેક શ્રમિકો પર લાગુ થવાથી દેશના ૫૦ કરોડ શ્રમિકોનું જીવનધોરણ ઊંચું આવશે. સુરક્ષા, સ્વાસ્થ્ય, સુવિધા તથા કાર્યસ્થળ પર કામકાજની સારી સ્થિતિ એ શ્રમિકોના કલ્યાણની સાથે સાથે દેશના અર્થિક વિકાસની પણ પહેલી શરત છે. આ જ ઉદ્દેશથી ૧૩ કેન્દ્રીય શ્રમ કાયદાને ભેગા કરીને એક કાયદો કરવાના વિધેયકને મંજૂરી આપી. આ ૧૩ કાયદા કાર્યસ્થળ પર શ્રમિકોને શારીરિક ક્ષતિથી બચાવવા, સ્વાસ્થ્ય તથા કાર્યસ્થળની સ્થિતિની સાથે જોડાયેલા હતા. જે જે કાયદામાં બદલાવ કરવાનો છે તે : કારખાના અધિનિયમ ૧૯૪૮, ખાણ અધિનિયમ ૧૯૫૨, બંદરગાહ શ્રમિક કાનૂન : ૧૯૮૬, પ્રવાસી શ્રમિક કાયદો-૧૯૭૯, શ્રમજીવી, પત્રકાર તથા અન્ય સમાચારપત્ર કર્મચારી કાયદો-૧૯૫૫, બીડી તથા સિગરેટ શ્રમિક કાયદો ૧૯૬૬, સિનેમા કર્મચારી



કાયદો ૧૯૮૧ જેવા કાયદાઓ છે. નવા કાયદામાં મહત્ત્વપૂર્ણ પ્રાવધાન એ છે કે કોઈ પણ પેઢીમાં ૧૦થી વધારે કર્મચારી કામ કરતા હોય તો તેમને નિમણૂક પત્ર આપવો જરૂરી છે. વર્ષમાં એક વાર બધા જ કર્મચારીના હેલ્થનું ચેકઅપ કરાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. નોકરી કરવાવાળી મહિલા નાઈટ શિફ્ટમાં કામ કરવું છે કે નહીં તે પોતે નક્કી કરી શકશે. તેમને માલિક તરફથી કોઈ જ દબાણ રહેશે નહીં. આ કાયદા પછી તમામ સંસ્થાએ ફક્ત એક વાર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે બાકી અત્યાર સુધી ૯ શ્રમ કાયદા માટે અલગ અલગ રજિસ્ટ્રેશન કરાવવું પડતું હતું. એક વખત જ રજિસ્ટ્રેશન તથા એક લાયસન્સથી કંપનીનો સમય તથા શક્તિ પણ બચશે.

## ભારતમાં શ્રમ કાનૂન કેમ જરૂરી છે ?

અત્યાર સુધી શ્રમ કાયદાના લાભ માત્ર સંગઠિત ક્ષેત્ર સુધી જ સીમિત હતા. જ્યારે સંગઠિત ક્ષેત્રમાં માત્ર ૯% કર્મચારી જ કામ કરે છે. આનો સીધો મતલબ એ છે કે મોટાભાગના કર્મચારી અસંગઠિત ક્ષેત્રમાંથી આવે છે. સૌથી મોટી મુશ્કલી એ જ છે કે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો પાસે મર્યાદિત અધિકાર હોય છે તથા તેમને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વધારે પડતા શ્રમ કાયદાથી તેની જટિલતા વધી ગઈ તથા વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં એ ફિટ પણ બેસતા ન હતા. ટ્રેક યુનિયન એક્ટ પ્રમાણે કોઈ પણ સંસ્થામાં સાત કે સાતથી વધારે શ્રમિક ભેગા થઈને એક ટ્રેડ યુનિયન બનાવી શકે. પરંતુ વધારે પડતા ટ્રેડ યુનિયનના કારણે હડતાલની શક્યતા પણ વધી જાય. સાથે સાથે ફર્મનું સંચાલનનું કામ પણ મુશ્કેલ બની જાય જેના કારણે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ પણ પ્રભાવિત થાય છે. ભારતમાં સંગઠિત ક્ષેત્ર માટે શ્રમ કાયદા વધારે પડતા જટિલ છે એવું તમામ ધંધાર્થીઓનું માનવું છે. ટ્રેડ યુનિયનના વધારે પડતા દબાણના કારણે નાની કંપનીનું વિસ્તરણ કરવું પણ અઘરું થઈ જાય છે. વધારે શ્રમિકોની જરૂર પડતી હોય તેવી કંપની નાની જ રહે તો અર્થવ્યવસ્થા પણ જે પ્રમાણે આગળ વધવી જોઈએ તેમ વધતી નથી. એક રીપોર્ટ પ્રમાણે જે રાજ્યોમાં શ્રમ કાયદા સરળ છે ત્યાં રોજગારી પણ વધારે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં પાછલાં છ વર્ષોમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં ભારતના રેંકિંગમાં ૭૯ ક્રમનો સુધારા આવેલો છે જે એક વિકાસશીલ અર્થવ્યવસ્થામાં એક રેકોર્ડ છે. હાલમાં જે શ્રમ કાયદા છે તે રોજગારની સુરક્ષાની વાત કરે છે, પરંતુ રોજગારીમાં વૃદ્ધિ થાય તેના માટે પર્યાપ્ત કદમ એમાં ન હતા. કોંગ્રેસ પાર્ટી કે જેમણે દેશમાં સૌથી લાંબો સમય શાસન કર્યું છે તેઓ બેરોજગારી મુદ્દે ભાજપા સરકારની આલોચના કરે છે, પરંતુ સત્ય એ છે કે કોંગ્રેસ પાર્ટીની કોઈ વિશ્વસનીયતા નથી બચી એટલે તેમણે જૂઠાણાં ફેલાવાનાં શરૂ કર્યાં છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના હોય કે જેમાં ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધારેની લોન આપવામાં આવી હોય જેના માધ્યમથી સ્વરોજગાર દ્વારા ૧૫ કરોડ કરતાં વધારે લોકો ઉદ્યમી બન્યા છે. મોદી સરકાર દ્વારા રોજગારના પર્યાપ્ત અવસર પ્રદાન કરવામાં આવ્યા છે. કૌશલ વિકાસની ઉદ્યોગોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. જ્યારે જૂના શ્રમ કાયદાના કારણે કંપનીઓ દ્વારા કોન્ટ્રાક્ટ વર્કરને જ કામ પર રાખતા હતા. એવામાં કંપનીને કોન્ટ્રાક્ટ વર્કરના પ્રશિક્ષણ તથા કૌશલ વિકાસમાં વધારે રસ ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ સરકાર દ્વારા કરવામાં આવેલા **નવા ઐતિહાસિક શ્રમ કાનૂનના કારણે શ્રમિકોનું કૌશલ અને પ્રશિક્ષણ પણ કંપનીએ કરવું પડશે.** અત્યાર સુધી સંકીર્ણ શ્રમ કાયદાના કારણે શ્રમપ્રધાન ઉદ્યોગોનો વાજબી વિસ્તાર થઈ શકતો ન હતો, જેના કારણે તેઓ વૈશ્વિક પ્રતિસ્પર્ધામાં પાછળ રહી જતા હતા પરંતુ નવા શ્રમ કાયદા સ્વસ્થ પ્રતિસ્પર્ધા વધારશે અને વિસંગતતા દૂર કરશે. શ્રમ કાયદા એવા હોવા જોઈએ કે તે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ પર ખરાબ પ્રભાવ ન કરે, કારણ કે **વધારે પડતા જટિલ શ્રમ કાયદા બેરોજગારી વધારે છે.** સાથે સાથે શ્રમિકોની ઉત્પાદકતા વધે તે માટેના પ્રયત્નો પણ હોવા જોઈએ. વર્તમાનમાં મજૂરી, બોનસ વગેરેના દાવા દાખલ કરવામાં એક સમાન નિયમ બનાવવાની સાથે જૂના કાયદામાં દાવા દાખલ કરવાની સમયમર્યાદા છ મહિનાથી ૨ વર્ષની હતી તે વધારીને ત્રણ વર્ષની કરવામાં આવી છે. રોજગાર સર્જનમાં સૌથી મહત્ત્વપૂર્ણ મુશ્કેલી નોકરીઓ સંદર્ભમાં સાચી જાણકારી મળવામાં છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે ૨૦થી વધુ શ્રમિકોવાળા તમામ ઉદ્યોગોએ પોતાની સંસ્થામાં કર્મચારી ઓછા કરવાની સ્થિતિમાં રીપોર્ટ કરવો અનિવાર્ય કરવામાં આવ્યું છે. આ જાણકારી ઓનલાઈન પોર્ટલ પર આપવામાં આવશે. આમ આ નવા શ્રમિક કાયદાથી એટલું ચોક્કસ કહી શકાય કે શ્રમિકોના હિતની રક્ષા થશે તથા તેમના હુન્નરનો વિકાસ થશે. સાથે સાથે દેશના આર્થિક વિકાસનાં નવાં દ્વાર ખૂલતાં દેશનો વૈશ્વિક મંચ પર ઝંડો લહેરાશે અને વેપાર-ધંધાને વિસ્તરણની પણ પૂરતી તક પ્રાપ્ત થશે.

●

## હજીરા-ઘોઘા રો-પેક્સ સર્વિસનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રારંભ

# ગુજરાતનો દરિયાકાંઠો ભારતનો ગેટ વે ઓફ ઇન્ડિયા બનશે





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી હજીરા-ઘોઘા રો-પેક્સ સેવાનો પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે, દિવાળી અવસરે ગુજરાતના લોકોને તહેવારનો ઉપહાર છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના લોકોનું વર્ષો જૂનું સપનું સાકાર કર્યું છે. તેમણે હજીરાના નવનિર્મિત પોર્ટ ટર્મિનલનું પણ લોકાર્પણ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, દરિયાઈ ક્ષેત્રના વિકાસમાં રો-પેક્સ સર્વિસ ઉત્તમ ઉદાહરણ છે. વ્યાપારની સુવિધા સાથે સર્વશ્રેષ્ઠ કનેક્ટિવિટીનો લાભ થશે સમય, ઇંધણની પણ બચત સાથે પર્યાવરણને પણ લાભ થશે. વર્ષમાં ૮૦ હજાર યાત્રીઓ મુસાફરી કરી શકશે. કિસાનો પણ દરિયાઈ માર્ગે સુરક્ષિત રીતે માલનું વેચાણ કરી શકશે. ગુજરાતમાં રો-પેક્સ ફેરી સેવા શરૂ કરવા કઠિનાઈઓ સાથે એન્જિનિયરો, શ્રમિકોનું યોગદાન રહ્યું છે. જેણે હિંમત સાથે કામને વેગ આપ્યો તેને ભૂલી શકાય એમ નથી.

ગુજરાતનો દરિયાકિનારો સમૃદ્ધ છે. તેનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, બે દશકામાં સામુદ્રિક સામર્થ્ય સાથે પોર્ટ કનેક્ટિવિટીનો વિકાસ એ ગુજરાતનું ગૌરવ છે. શીપ બિલ્ડિંગ પોલિસી, ટર્મિનલનું નિર્માણ, દહેજમાં સોલિડ કાર્ગો, મુંદ્રા પોર્ટ ટર્મિનલને ગ્રાઉન્ડ લેવલ કનેક્ટિવિટીથી જોડ્યું છે. જેનાથી પોર્ટ સેક્ટરને નવી દિશા મળી છે. કેન્દ્ર-રાજય સરકારે કોસ્ટલ વિસ્તાર ડેવલપ થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બુનિયાદી સુવિધાઓ સુનિશ્ચિત કરી છે. ગુજરાતમાં દરિયાઈ કારોબારના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે કેપેસિટી બિલ્ડિંગ પર ખૂબ જ ઝડપથી કાર્ય થઈ રહ્યું હોવાનું વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સમુદ્રી વ્યાપારને વેગ આપવા મેરીટાઈમ યુનિવર્સિટી દેશનું મોટું સેન્ટર બનશે, જયાં તાલીમબદ્ધ મેનપાવરનું નિર્માણ થશે તેમજ સમુદ્રી કાનૂન અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કાનૂનની શિક્ષા સાથે મેરીટાઈમ મેનેજમેન્ટ શીપીંગ અને લોજીસ્ટીકમાં **MBA** સુધીની સુવિધા હશે. ઉપરાંત મેરીટાઈમ કલસ્ટર, ભાવનગરમાં વિશ્વકક્ષાનું સીએનજી ટર્મિનલ જેવી અનેક સુવિધાઓ સાથે ગુજરાત બ્લ્યુ ઈકોનોમી ડેવલપ કરવા સજ્જ થઈ રહ્યું છે. દહેજ-ઘોઘા રો રો ફેરી પુનઃ કાર્યરત કરાશે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, લોથલમાં દેશની સમુદ્રી વિરાસતની સાચવણી માટે દેશમાં પ્રથમ નેશનલ મ્યુઝિયમ બનાવાશે.

સમુદ્રકિનારાના માછીમારોને મદદ માટે અનેક યોજનાઓ બની છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ રૂા.૨૦ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે, જેનો લાભ ગુજરાતના લાખો માછીમારોને મળશે. સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૦ પ્રોજેક્ટ કાર્યરત છે. વોટર ટ્રાન્સપોર્ટથી **Cost of Logistics** ઓછી થશે. સરકારનો પ્રયાસ એક બેસ્ટ ઈકોસીસ્ટમ બનાવવાનો છે. જયાં કાર્ગોની **Seamless Movement** થઈ શકે એમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વોટર ટ્રાન્સપોર્ટેશનને વેગ આપવા ફોકસ થઈ રહ્યું છે. સીસ્ટમ ડેવલપ સાથે ઈન્ફ્રાસ્ટ્રકચરની બેસ્ટ સુવિધા સાથે સિંગલ વિન્ડો સીસ્ટમના સરળીકરણ સાથે કાર્ય થશે, જેથી ખૂબ જ ઝડપથી દરિયાઈ ટ્રાન્સપોર્ટેશનને વેગ મળશે. લોજીસ્ટીક પર થતા ખર્ચને ઘટાડવા દેશ **Multimodal Connectivity** દિશામાં ઝડપથી આગળ વધી રહયો છે. દરિયાઈ માર્ગે પડોશી રાષ્ટ્રો સાથે પણ વ્યાપારની વિપુલ તકો રહી હોવાનું ઉમેર્યું હતું.

સરકારે પર્યાવરણ બચાવવાની સાથે વિકાસની ગતિ તેજ કરવા દરિયાઈ ટ્રાન્સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે દેશ બંગાળની ખાડી, હિન્દ મહાસાગરની અભુતપુર્વ ક્ષમતા સાથે વિકાસની અનુભૂતિ કરી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

દેશમાં નવા આત્મવિશ્વાસનો સંચાર થયો છે તેમ જણાવતાં અને ભારત સરકાર તથા વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતનો દરિયાકાંઠો ભારતનો ગેટ વે બનશે તેમ આ પ્રસંગે કહ્યું હતું.

સુરત સાથે સૌરાષ્ટ્રને જોડતી વિશ્વકક્ષાની રો પેકસ સર્વિસના શુભારંભથી ઓછા સમયમાં, ઓછા અંતરના, ઓછા ઈંધણ સાથે પર્યાવરણની સુરક્ષા થશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સર્વાંગી વિકાસમાં વડાપ્રધાનશ્રીની હુંફ, માર્ગદર્શન અને સહાય મળી રહ્યાં છે. જેને કારણે આજે ગુજરાતમાં નવા નવા વિવિધ પ્રોજેકટો શકય બન્યા છે. અગાઉ ગુજરાતે વર્ષો સુધી અન્યાય સહન કર્યો હતો, પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના તમામ સહયોગ થકી ગુજરાત આજે રોલમોડેલ બની શકયું છે. તેમણે ગુજરાતનો ક્રૂડ રોયલ્ટીનો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલાયો છે તેમ જણાવી કહ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેકટ, એઈમ્સ, સંસ્થાઓની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ તરીકેની માન્યતા, ટૂરિઝમ સેકટર જેવાં અનેક ક્ષેત્રોમાં કેન્દ્ર સરકારની મદદ મળી છે.

કેન્દ્રીય શીપીંગ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ ગુજરાત માટે સોનેરી અવસર હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સદીઓથી ગુજરાત દરિયાઈ વ્યાપાર સાથે જોડાયેલું છે. જેને વેગ આપવાનું મહત્ત્વનું કાર્ય સરકારે કર્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં પ્રથમ રો-પેક્સ સેવા શરૂ થઈ છે. લોકોની આકાંક્ષાઓને સરકારે વિકાસના માધ્યમથી પુર્ણ કરી રહી છે. આઝાદીનાં ૭૦ વર્ષ પછી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. વાડિયા ફેમિલીનો જહાજ બનાવવાનો ઈતિહાસ તેમણે ઉજાગર કર્યો હતો.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.